GJDH120016862025

सत्यमेव जयते

**<u>નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦–૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ</u>–**

**આંક–૧૨૭**

**<u>ફોર્મ–'એ'</u>**

## દાહોદ જીલ્લાની એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો) કોર્ટ મુ.લીમખેડા, જી.દાહોદ

**એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો)જજ.**

**[ચુકાદાની તારીખઃ ૦૮/૦૮/૨૦૨૬]**

**[ <u>સ્પે.(પોકસો) કેસ નં.૩૭/૨૦૨૫</u>]**

**(<u>એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન</u>)**

લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર

નં.૧૧૮૨૧૦૩૫૨૫૧૧૮૨/૨૦૨૫

ગુનોઃ–**ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ , ૫૪, ૨૩૮(ક) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના કાયદાની કલમ–૪, ૬, ૧૭ મુજબ.**

પોલીસ સ્ટેશનઃ– લીમખેડા પોલીસ સ્ટેશન, જી.દાહોદ.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મુળ ફરિયાદીઃ ભોગ બનનારના નાના) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.બી.ચૌહાણ |
| આરોપી | રાજાભાઈ ઉર્ફે રાજેશ મિનેશભાઈ ડામોર<br>ઉ.વ.૨૫, ધંધો–ખેતી તથા મજુરી,<br>રહે.જેતપુર, ખેડા ફળીયું,<br>તા.ઝાલોદ, જી.દાહોદ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી વી.બી.લબાના |

# ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૩૦–૦૯–૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | તા.૦૧–૧૦–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૨–૧૧–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૨૦–૦૧–૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૨૫–૦૨–૨૦૨૬ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૦૮–૦૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૮–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | તા.૦૮–૦૮–૨૦૨૬ |

## <u>આરોપીની વિગતઃ</u>–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ. | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | શું સજા કરી? | સીઆર.પી.સી.નીકલમ ૪૨૮મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજાભાઈ ઉર્ફે રાજેશ મિનેશભાઈ ડામોર | તા.૦૧/૧૦/૨૦૨૫ | –– | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧)(એમ) તથા પોક્સો એક્ટ–૪, ૬ મુજબ. | કસૂરવાર | <u>(૧)</u> આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨) મુજબના ગુના માટે ૭ વર્ષ સખત કેદની સજા તથા રૂ.૫૦૦૦/–(અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ, અને દંડ ના ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો | ૧૦ માસ અને ૭ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | હુકમ કરવામાં આવે છે.<br>**<u>(૨)</u>**<br>આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૭ મુજબના ગુના માટે ૧૦ વર્ષ સખત કેદની સજા તથા રુ.૫૦૦/- (અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ, અને દંડ ના ભરે તો વધુ ૨ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.<br>**<u>(૩)</u>**<br>આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૧(૩) મુજબના ગુના માટે ૭ વર્ષ સખત કેદની સજા તથા રુ.૫૦૦૦/- (અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ, અને દંડ ના ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.<br>**<u>(૪)</u>**<br>આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૩૮(ક) મુજબના ગુના માટે ૭ વર્ષ સખત કેદની સજા તથા રુ.૫૦૦૦/- (અંકે રુપીયા પાંચ હજાર | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરા)નો દંડ, અને દંડ ના ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.<br><br>**<u>(૫)</u>**<br><br>આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨) મુજબના ગુના માટે ૧ વર્ષ સખત કેદની સજા તથા રૂ.૧૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા)નો દંડ, અને દંડ ના ભરે તો વધુ ૨ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.<br><br>**<u>(૬)</u>**<br><br>આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૫(૧) (એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ-૪, ૬ મુજબનો ગુનો પુરવાર થયેલો છે જેની સાપેક્ષમાં જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ-૪૨ વંચાણે લેતા બન્ને ગુનાઓ પુરવાર થયા હોય તેવા સંજોગોમાં જે સજા વધુ હોય તે | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | સજા કરવાને પાત્ર છે. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ–૬ માં વધુ સજાનું પ્રાવધાન કરવામાં આવેલ છે જેથી આરોપીને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ–૬ ના ગુના માટે આજીવન કેદ એટલે કે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધીની(છેલ્લા શ્વાસ સુધીની) સખત કેદની સજા તથા રુ.૨૫,૦૦૦/– (અંકે રુપીયા પચ્ચીસ હજાર પુરા)નો દંડ અને દંડ ના ભરે તો વધુ ૨ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. | |

## <u>ફોર્મ–'સી'</u>

## <u>ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં સાહેદોનું લીસ્ટ.</u>

### <u>એ.</u> <u>ફરિયાદ પક્ષ તર્ફેઃ</u>–

| **સાહેદ નંબર** | **નામ** | **ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો** |
|---|---|---|
| ૧ | ભોગ બનનારના નાના.(આંક–૧૨) | ફરિયાદી |
| ૨ | ભોગ બનનાર.(આંક–૧૪) | ભોગ બનનાર |
| ૩ | રાહુલભાઈ ભલાભાઈ પટેલ.(આંક–૧૮) | પંચ સાહેદ (આરોપીને સાથે રાખી કરેલ મુદ્દામાલ રિક્વરી થતા શોધ પંચનામાના) |

| | | |
|---|---|---|
| ૪ | ભોગ બનનારની માસી.(આંક–૨૯) | સાહેદ |
| ૫ | ભોગ બનનારના માતાની કાકી.(આંક–૩૦) | સાહેદ |
| ૭ | પારુભાઈ નાથાભાઈ માવી.(આંક–૩૩) | પંચ સાહેદ<br>(ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા મુદ્દામાલ ફોન કબજે કર્યાના પંચનામાના) |
| ૮ | અર્જુનભાઈ કનુભાઈ માવી.(આંક–૩૯) | પંચ સાહેદ<br>(ઓળખપરેડના પંચનામાના) |
| ૯ | વિમલકુમાર લુણાભાઈ પ્રજાપતિ.(આંક–૪૩) | પંચ સાહેદ<br>(ભોગ બનનાર સાથે દુષ્કર્મ કર્યા બાદ પહેરાવેલ કપડા કબજે કર્યાનું પંચનામાના) |
| ૧૦ | મધુરેશ કિશોરકુમાર મકવાણા.(આંક–૫૦) | સાયન્ટીફિક ઓફીસર |
| ૧૨ | ધમેન્દ્રકુમાર દોલતભાઈ પટેલ.(આંક–૫૩) | સાહેદ<br>(ફોટોગ્રાફર) |
| ૧૩ | રમણભાઈ ભુરસીંગભાઈ ડામોર.(આંક–૫૬) | આચાર્ય<br>(ગુમણી(દુ) પ્રાથમિક શાળા) |
| ૧૪ | ડૉ. હિતેશકુમાર મોતીભાઈ ભરવાડ.(આંક–૫૯) | મેડીકલ ઓફીસર<br>(લીમખેડા સી.એચ.સી.) |
| ૧૫ | હિરલબેન ભીમસીંગભાઈ ભાભોર.(આંક–૬૮) | તલાટી કમ મંત્રી<br>(દુધીયા ગ્રામ પંચાયત) |
| ૧૬ | ડૉ. આયુષી નારાયણ અરોરા.(આંક–૭૨) | મેડીકલ ઓફીસર<br>(ગાયનેકલોજીસ્ટ) |
| ૧૭ | ડૉ. ધ્વનિ સોહમ શાહ.(આંક–૯૨) | મેડીકલ ઓફીસર<br>(પીડીયાટ્રીશયન) |
| ૧૮ | કિરીટસિંહ ચંદ્રસિંહ વાઘેલા.(આંક–૧૦૪) | ત.ક. અમલદાર |
| ૧૯ | જીતેન્દ્રકુમાર મનોહરભાઈ જાટ.(આંક–૧૦૬) | સાહેદ<br>(વરોડ ટોલ પ્લાઝા મેનેજર) |
| ૨૦ | વાલીબેન ગમીરભાઈ ચૌહાણ.(આંક–૧૦૮) | પી.એસ.ઓ.<br>(લીમખેડા પો.સ્ટે.) |
| ૨૧ | સિદ્ધરાજસિંહ જયદેવસિંહ રાણા.(આંક–૧૧૧) | ત.ક. અમલદાર |

**બી. બચાવ પક્ષના સાહેદો, જો કોઈ હોય તોઃ–**

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| – – | – – | – – |

**સી. કોર્ટનાં સાહેદો, જો કોઈ હોય તોઃ–**

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| – – | – – | – – |

**ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.**

**એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–**

| આંકનો નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| ૧૩ | ફરિયાદ. | સાહેદ નં.૧ |
| ૧૫ | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન. | સાહેદ નં.૨ |
| ૧૯ | આરોપીને સાથે રાખી કરેલ મુદ્દામાલ રિક્વરી તથા શોધ પંચનામું. | સાહેદ નં.૩ |
| ૨૦ થી ૨૬ | પંચ સ્લીપો. | સાહેદ નં.૩ |
| ૨૭ | આરોપીએ બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૩ |
| ૩૧ | સાહેદનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન. | સાહેદ નં.૫ |
| ૩૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૭ |
| ૩૫ | આરોપી પાસેથી મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૭ |
| ૩૬, ૩૭ | પંચ સ્લીપો. | સાહેદ નં.૭ |

| | | |
|---|---|---|
| ४० | ઓળખપરેડનું પંચનામું. | સાહેદ નં.૮ |
| ४४ | ભોગ બનનાર સાથે દુષ્કર્મ કર્યા બાદ પહેરાવેલ કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૯ |
| ४૫, ४૬ | પંચ સ્લીપો. | સાહેદ નં.૯ |
| ૫૧ | સ્થળ પરીક્ષણ અહેવાલ. | સાહેદ નં.૧૦ |
| ૫४ | પંચનામાઓની વિડીયોગ્રાફી કરી બનાવેલ ડીવીડી. | સાહેદ નં.૧૨ |
| ૫૫ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(४)(સી) મુજબનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૧૨ |
| ૫૭ | ભોગ બનનારનો શાળાએ આપેલ જન્મનો દાખલો. | સાહેદ નં.૧૩ |
| ૫૮ | શાળાના જનરલ રજીસ્ટરનો ઉતારો. | સાહેદ નં.૧૩ |
| ૬૦ | ભોગ બનનારની મેડીકલ તપાસણી યાદી. | સાહેદ નં.૧४ |
| ૬૧ | ભોગ બનનારનું સંમતિપત્ર. | સાહેદ નં.૧४ |
| ૬૨ | ભોગ બનનારના સેમ્પલ કબજે કર્યાનું ફોર્મ–૨(બી). | સાહેદ નં.૧४ |
| ૬૩ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૧४ |
| ૬४ | ભોગ બનનારનું મેડીકોલીગલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૧४ |
| ૬૫ | આરોપીની મેડીકલ તપાસણી યાદી. | સાહેદ નં.૧४ |
| ૬૬ | આરોપીના સેમ્પલ કબજે કર્યાનું ફોર્મ–૨(બી). | સાહેદ નં.૧४ |
| ૬૭ | આરોપીનું મેડીકલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૧४ |
| ૬૯ | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૧૫ |
| ૭૦ | જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની નકલ. | સાહેદ નં.૧૫ |
| ૭૩ | ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ. | સાહેદ નં.૧૬ |
| ૭४ | ભોગ બનનારનું પ્રોવીઝનલ મેડીકલ ઓપીનીયન. | સાહેદ નં.૧૬ |
| ૭૫ | ભોગ બનનારનો કલીનીકલ પેથોલોજી (યુરીન રુટીન માઈક્રોસ્કોપી રીપોર્ટ) રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |

| | | |
|---|---|---|
| ૭૬ | ભોગ બનનારનો અલ્ટ્રાસોનોગ્રાફી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૭૭ | ભોગ બનનારનો કલીનીકલ પેથોલોજી (યુ.ટી.પી.) રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૭૮ | ભોગ બનનારનો સીટોપોજી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૭૯ | ભોગ બનનારનો હેમોટોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૦ | ભોગ બનનારને રેડીયોલોજીસ્ટ પાસે મોકલેલ તેની યાદી. | સાહેદ નં.૧૬ |
| ૮૧ | ભોગ બનનારનો બાયોકેમેસ્ટ્રી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૨ | કોએગ્યુલેશન પ્રોફાઈલ રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૩ | ભોગ બનનારનો મેગ્નેશીયમ રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૪ | ભોગ બનનારનો સીરોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૫ | ભોગ બનનારનો વાઈરોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૬ | ભોગ બનનારનો એચ.આઈ.વી. રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૭ | ભોગ બનનારનો બાયોકેમેસ્ટ્રી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૮ | ભોગ બનનારનો હેમોટોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૮૯ | ભોગ બનનારનો સીરોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૯૫ | આર.એમ.ઓ. સીવીલ હોસ્પિટલ, અમદાવાદનાએ લીમખેડા પો.સ્ટેશને મોકલેલ સારવારના કાગળોની નકલ. | સાહેદ નં.૧૬ |
| ૯૬ | સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાં અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવારની નોંધ અંગેના કાગળોની ખરી નકલો. | સાહેદ નં.૧૬ |
| ૯૭ | લેબોરેટરી રીકવેસ્ટ ફોર્મ. | સાહેદ નં.૧૬ |
| ૯૮ | ભોગ બનનારની રીફર નોટ. | સાહેદ નં.૧૬ |
| ૯૯ | ઝાયડસ હોસ્પિટલ, દાહોદનાએ મોકલી આપેલ ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ. | સાહેદ નં.૧૬ |
| ૧૦૦ | સીવીલ હોસ્પિટલ અમદાવાદનું સર્જીકલ હોસ્પિટલ ચેક લીસ્ટ. | સાહેદ નં.૧૬ |

| | | |
|---|---|---|
| ૧૦૧ | ભોગ બનનારનો બ્લડ કંપોનન્ટ રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૧૦૨ | ભોગ બનનારનો અલ્ટ્રા સોનોગ્રાફી રીપોર્ટ. | સાહેદ નં.૧૬ |
| ૧૦૫ | ચાર્જશીટની મંજુરીનો પત્ર. | સાહેદ નં.૧૮ |
| ૧૦૯ | તપાસ સોંપ્યાનો પત્ર. | સાહેદ નં.૨૦ |
| ૧૧૦ | સ્ટેશન ડાયરીના જરુર પુરતા ઉતારાની નકલ. | સાહેદ નં.૨૦ |
| ૧૧૧ | મુદ્દામાલ રવાનગી પત્રક. | સાહેદ નં.૨૧ |
| ૧૧૨ | મુદ્દામાલ એફ.એસ.એલ. વડોદરામાં મળ્યાની પહોંચ. | સાહેદ નં.૨૧ |
| ૧૧૩ | એફ.એસ.એલ. વડોદરાનો રીપોર્ટ. | સાહેદ નં.૨૧ |
| ૧૧૪ | મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરમાં મળ્યાની પહોંચ. | સાહેદ નં.૨૧ |
| ૧૧૫ | મુદ્દામાલ રવાનગી પત્રક. | સાહેદ નં.૨૧ |
| ૧૧૬ | એફ.એસ.એલ. વડોદરાનો રીપોર્ટ. | સાહેદ નં.૨૧ |
| ૧૧૭ | સરકારી પંચો ફાળવવા આપવા બાબતેનો પત્ર. | સાહેદ નં.૨૧ |
| ૧૧૮ | સરકારી પંચો ફાળવી આપેલ તે અંગેનો પત્ર. | સાહેદ નં.૨૧ |
| ૧૧૯ | પંચનામાઓની વિડીયોગ્રાફી કરી બનાવેલ ડીવીડી. | સાહેદ નં.૨૧ |
| ૧૨૦ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૨૧ |
| ૧૨૧ | ગુનો દાખલ કરવા અંગેનો પત્ર. | સાહેદ નં.૨૧ |
| ૧૨૨ | મુદ્દામાલ હિરો હોન્ડાની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ. | સાહેદ નં.૨૧ |

**બી. બચાવ પક્ષ તર્ફે:-**

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

## સી. કોર્ટના આંકોઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## ડી. મુદ્દામાલ–

| મુદ્દામાલ નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| | **મુદ્દામાલ પાવતી નં.૨૦૯/૨૦૨૫** | |
| આર્ટીકલ નં.૧ | **મોબાઈલ–૧**<br>(૧) એક વીવો કંપનીનો મોબાઈલ બે સીમકાર્ડનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેનો IMEI-1-867492062463311 તથા IMEI-2-847492062463303 નો છે જેની અંદર એક જીયો કંપનીનું સીમકાર્ડ છે. જેનો નંબર ૯૨૭૪૫૦૮૨૧૫ નો છે જે એક ડબ્બીમાં સીલબંધ છે. | સાહેદ નં.૭ |
| આર્ટીકલ નં.૨ | **મોબાઈલ–૧**<br>(૧) એક સેમસંગ કંપનીનો મોબાઈલ જેનો IMEI-1-355041116287074 તથા IMEI-2-355042116287072 નો છે જે એક ડબ્બીમાં સીલબંધ છે. | સાહેદ નં.૭ |
| | **મુદ્દામાલ પાવતી નં.૨૧૦/૨૦૨૫** | |
| આર્ટીકલ નં.૧ | **શર્ટ–૧**<br>એક પીળા કલરનો આખી બાયનો શર્ટ જે કોલરના ભાગે અંદરની બાજુએ અંગ્રેજીમાં LONG TIME લખેલ છે જેની ઉપર અલગ અલગ ભાગમાં છુટાછવાયા નાના મોટા રતાશ પડતા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે તે. | સાહેદ નં.૩ |
| આર્ટીકલ નં.૨ | **પેન્ટ–૧**<br>એક આછા વાદળી કલરનું જીન્સનું પેન્ટ જે જુનું મેલા જેવું જણાય છે. જે પેન્ટના પાછળના ભાગે અંગ્રેજીમાં FLY HIT લખેલ છે. જે પેન્ટની | સાહેદ નં.૩ |

| | | |
|---|---|---|
| | આગળની એમના અંદરની બાજુના ભાગે તથા પાછળના ભાગે તથા પાછળના બન્ને ખીસ્સાના ભાગે તેમજ અલગ અલગ ભાગના છુટાછવાયા રતાશ પડતા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે. | |
| આર્ટીકલ નં.૩ | **ચડ્ડો–૧**<br>એક સફેદ કલરનો મોટો હાફ ચડ્ડો જે ચડ્ડા ઉપર જમણી બાજુ આગળના ભાગે અંગ્રેજીમાં 14 Paris માર્કો મારેલ છે. જે ચડ્ડા ઉપર અલગ અલગ ભાગમાં છુટાછવાયા મોટા પ્રમાણમાં રતાશ પડતા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| આર્ટીકલ નં.૪ | **ફ્રોક–૧**<br>એક લાલ–સફેદ તથા ઘાટા વાદળી(સહી) કલરનું ચોકડીવાળું સ્કુલ ડ્રેસનું હોય તેવું ફ્રોક જે ફ્રોકની નીચેના આગળ પાછળના ભાગે છુટાછવાયા રતાશ પડતા ડાઘ પડેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| આર્ટીકલ નં.૫ | **લેગીંસ–૧**<br>એક ઘાટા વાદળી(સહી) કલરની લેગીંસ જે આખી લેગીંસ રતાશ પડતા ડાઘથી ખરડાયેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| આર્ટીકલ નં.૬ | **નાની ચડ્ડી–૧**<br>એક કાળા–રાખોડી કલરની નાની ચડ્ડી જેના ઉપર અંગ્રેજીમાં CROSSFIT 2024 લખેલ છે. જે ચડ્ડીના આગળના પાછળના ભાગે છુટાછવાયા રતાશ પડતા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| આર્ટીકલ નં.૭ | **ગોદડી–૧**<br>એક આછા પીળા કલરની વાદળી–મરુણ કલરની કુલ ભાતવાળી દોરથી સીવેલ ગોદડી જેની લંબાઈ ૭.૮ ફુટ જેટલી છે તેની પહોળાઈ ૩.૪ જેટલી છે જેની વચ્ચેના ભાગે, છેડાના ભાગે છુટાછવાયા રતાશ પડતા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક મીણીયા થેલામાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| આર્ટીકલ નં.૮ | **શીટ–૧**<br>એક કાળા કલરની સ્પેલન્ડર બાઈક જેનો | સાહેદ નં.૩ |

| | | |
|---|---|---|
| | આર.ટી.ઓ. નં.જી.જે.૨૦.બી.સી.૮૦૯૨ ની શીટ કાઢી લઈ કબજે લીધેલ છે. જે શીટની જમણી બાજુના ભાગે અંગ્રેજીમાં HERO લખેલ છે. તેની નજીકમાં છુટાછવાયા આછા રતાશ પડતા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક મીણીયા થેલામાં સીલબંધ છે. | |
| આર્ટીકલ નં.૯ | **બાઈક–૧**<br>એક કાળા કલરની સ્પેલન્ડર બાઈક જેનો આર.ટી.ઓ. નં.જી.જે.૨૦.બી.સી.૮૦૯૨ નો છે. જેનો એન્જીન નં.HA11EYNSLO5192 તથા ચેસીસ નં.MBLHAW126 NSL 57776 નો છે. | સાહેદ નં.૩ |
| | **મુદ્દામાલ પાવતી નં.૨૧૦(એ)/૨૦૨૫** | |
| આર્ટીકલ નં.૧ | **ટોપ–૧**<br>એક ઘાટા સહી તથા સફેદ કલરની ચોકડીવાળું ટોપ. જે બોર્ડર કેસરી કલરની છે. જે જુના જેવું જણાય છે. જે આગળના નીચેના ભાગે તથા પાછળના નીચેના ભાગે રતાશ પડતા છુટા છવાયા ડાઘ સુકાઈ ગયેલ જણાય છે જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૯ |
| આર્ટીકલ નં.૨ | **ચાદર–૧**<br>એક લીલા તથા આછા કેસરી કલરની ફુલભાતવાળી ચાદર જેની લંભાઈ આશરે ૫ ફૂટ ૧ ઈંચ છે. જેની પહોળાઈ આશરે ૩ ફૂટ ૨ ઈંચ છે. જે જુના જેવી જણાય છે. જેના ઉપર કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી જે એક કાગળમાંસીલબંધ છે. | સાહેદ નં.૯ |

## – જ જ મે ન્ટ –

(૧) આ ગુનો ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષા અધિનિયમ(હવે પછી જેને ચુકાદામાં પોક્સો એક્ટ તરીકે ઓળખીશું)ની કલમ–૪, ૬ અન્વયેનો એટલે કે સ્ત્રી અત્યાચાર વિરુદ્ધનો છે જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના

2023(0) AIJEL-SC-72600, SUPREME COURT OF INDIA, State of Rajasthan Versus Gautam S/o Mohanlal ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ભોગ બનનાર કે તેના પરીવારના સભ્યોની ઓળખ છતી ના થાય તે હેતુથી આ ચુકાદામાં તેનો ભોગ બનનાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલો છે અને પક્ષકારોના ધર્મ, જાતિનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

(૨) આ કામમાં તપાસવામાં આવેલ સાહેદોને ચાર્જશીટમાં જે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે તે પ્રમાણે નહી પરંતુ અદાલતમાં જે ક્રમ મુજબ તપાસવામાં આવેલ છે તે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના ફરિયાદી/ભોગ બનનારના નાનાએ તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ લીમખેડા પોલીસ મથકે પોતાની ફરિયાદ હકીકત જાહેર કરેલી કે જેની ટુંક હકીકત એવી છે કે, મારે વસ્તારમાં બે છોકરા અને બે છોકરીઓ હતી જે પૈકી મારી સૌથી મોટી છોકરીને બે છોકરા અને એક છોકરી છે. મારી મોટી છોકરી મરણ ગયા પછી મારી છોકરીની છોકરી ભોગ બનનાર અમારી સાથે રહે છે અને અમો તેની દેખરેખ ભરણપોષણ કરીએ છીએ. આ મારી છોકરીની છોકરી ભોગ બનનાર હાલમાં ધોરણ-૫ માં અમારા ગુમણી ગામની પ્રાથમિક શાળામાં ભણે છે અને તેની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની છે અને તેની હાલમાં ઉંમર ૧૦ વર્ષ ૧૧ માસની છે. મારી બીજી છોકરી એટલે કે ભોગ બનનારની માસીએ રાજાભાઈ મિનેશભાઈ ડામોરની સાથે પ્રેમ લગ્ન કરેલ હોય અને તે ચોરીઓ કરવાની ટેવવાળો હોય ભોગ બનનારની માસીને તે અવારનવાર મારકુટ કરતો હોય તે રીસાઈને અમારા ઘરે આવતી હતી અને અમારી સાથે રહેતી હતી. ગઈકાલના રોજ આ મારી છોકરીને જમાઈ રાજાએ મારકુટ કરેલ હોય રીસાઈને અમારા ઘરે આવેલ હતી.

ગઈકાલ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના સુમારે હું તથા ભોગ બનનારની માસી તથા ભોગ બનનાર મારા ઘરે હાજર હતા અને ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી ઘરની અંદર ઉંઘવાની તૈયારી કરતા હતા તેવામાં રાત્રીના આશરે નવેક વાગ્યે મારો જમાઈ રાજાભાઈ મિનેશભાઈ ડામોરનાનો

અમારા ઘરે આવેલ અને દરવાજો ખખડાવી કહેવા લાગેલ કે દરવાજો ખોલો હું ડામોર છું. ભોગ બનનારની માસીને લેવા આવેલ છું તેમ કહી દરવાજાને લાતો મારતો હોય જેથી મારી છોકરીએ દરવાજો ખોલતાની સાથે મારા ગળાના ભાગેથી મને પકડી લઈ તને મારી નાંખવાનો છે તેમ કહી મા–બેન સમાણી ગાળો આપતો હોય અને તેના હાથમાં ચપ્પુ હોય જેથી હું તથા મારી દિકરી એટલે કે ભોગ બનનારની માસી તેની પાસેથી છટકીને ભાગીને ઘરની બહાર નીકળેલ અને જોયેલ તો આ રાજા અને તેનો કોઈ મિત્ર સાથે બાઈક લઈને આવેલ હોય તેઓ અમને મારી નાંખશે તેવી બીકથી અમો નજીકમાં મારા કાકાનું ઘરે હોય ત્યાં સંતાઈ ગયેલ અને મારી છોકરીની છોકરી ભોગ બનનારને પકડી લીધેલ અને તેને પુછવા લાગેલ કે તારી માસી કયાં છે બતાવ તેમ કહી ભોગ બનનારને પકડી લઈ સાથે રાખી આજુબાજુમાં શોધખોળ કરવા લાગેલ અને તે પછી ભોગ બનનારને લઈ આ રાજા ચાલતો ચાલતો નીકળી ગયેલ હતો અને તેના ગયા પછી અમોએ આજુબાજુમાં ભોગ બનનારની તપાસ કરેલ પરંતુ તે મળી આવેલ નહી અને આ રાજા તેનો માસા થતો હોય ગરબા જોવા માટે લઈ ગયો હશે અને થોડીવારમાં મુકી જશે તેવું વિચારી ઉંઘી ગયેલ હતા.

ત્યારબાદ ભોગ બનનાર આજરોજ વહેલી સવારના આશરે સાતેક વાગ્યે ઘરે આવેલ અને ઘરે આવીને રડવા લાગેલ જેથી મે ભોગ બનનારને પુછતા તેણીએ વાત કરેલ કે રાજા માસા મને ઘરેથી ચાલતા ચાલતા રોડ ઉપર લઈ ગયેલ અને ત્યાંથી બાઈક ઉપર બેસાડી તેમના ઘર તરફના રસ્તે જતા રસ્તામાં ગાડી ઉભી રાખી મને ઝાડી ઝાખરામાં લઈ ગયેલ અને ત્યાં જઈ મારા કપડા કાઢવા લાગતા મે માસા શું કરો છો તેમ કહેતા માસાએ મને મોઢા ઉપર બે–ત્રણ ઝાપટો મારી દીધેલ અને મારુ મોઢું દબાવી મને મારા કપડા કાઢી મારી છાતી દબાવતા જઈ મારા પેશાબના ભાગે બે વાર ખરાબ કામ(દુષ્કર્મ) કરેલ છે અને ત્યાંથી તે મને તેના ઘરે લઈ ગયેલ અને તેના ઘરે લઈ જઈ ફરીવારી તેમના ઘરમાં મારી સાથે ખરાબ કામ(દુષ્કર્મ) કરેલ અને આખી રાત મને તેમના ઘરે રાખી વહેલી સવારના મારા કપડા બદલાવી મને બીજા કપડા પહેરાવી લીમડીથી ઈક્કો ગાડીમાં બેસાડી મને રુ.૫૦/– ભાડુ આપી ઘરે મોકલેલ છે અને મને પેશાબના ભાગે દુખાવો થાય

છે. તેવી વાત કરતા ભોગ બનનારની માસીએ ભોગ બનનારના ગુપ્ત ભાગે ચેક કરતા ગુપ્ત ભાગે તેમજ મોઢાના ભાગે ઈજા થયેલ હોય તેવું જણાતું હોય અને તેણીએ રાત્રે જે કપડા પહેરેલ તે કપડા પણ બદલેલા હોય ભોગ બનનાર સાથે દુષ્કર્મ થયેલાની વાત સાચી જણાતા અમે અમારા ઘરના કુટુંબના સભ્યોને આ બાબતે વાત કરેલ અને રાજાનો ફોન બંધ આવતો હોય અને ભોગ બનનારના પિતા મજુરીકામે વડોદરા હોય ફોન કરી જાણ કરેલ અને ભોગ બનનાર તથા કુટુંબના માણસોને સાથે લઈ ફરિયાદ કરવા આવેલ છું તો આરોપી વિરુદ્ધ કાયદેસરની તપાસ થવા હાલની ફરિયાદ છે.

(૪) ઉપર મુજબની ફરિયાદ હકીકત જાહેર થતા લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૩૫૨૫૧૧૮૨/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના કાયદાની કલમ–૪, ૬, ૧૭ મુજબનો ગુનો દાખલ કરી પી.એસ.ઓ.નો સી.આર.પી.સી.કલમ–૧૫૭ મુજબનો રીપોર્ટ જાહેર કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી.

(૫) ત્યારબાદ ત.ક.અમલદારે ગુનાની હકીકતથી વાકેફ થઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું નિયમ મુજબ કરી તમામ કાર્યવાહી કરી આરોપી મળી આવતા આરોપીને તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ અટક કરી મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ. ભોગ બનનાર તથા આરોપીનું મેડીકલ કરાવવાની કાર્યવાહી કરેલ. ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદન લેવડાવેલ, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ અર્થે રવાનગી નોંધ સાથે મોકલી આપવામાં આવેલ. આ કામે જરુરી પંચનામા કરી લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪, ૨૩૮(ક) તથા પોક્સો એકટ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મોકલી આપવામાં આવેલ.

(૬) ઉપર મુજબનું ચાર્જશીટ રજુ થતા તે અત્રેની કોર્ટમાં સ્પે. (પોકસો) કેસ નં.૩૭/૨૦૨૫ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. આ કામના આરોપીને જેલમાંથી અત્રેની અદાલતમાં રજુ કરતા આરોપી તર્ફે વિ.વકીલશ્રી વી.બી.લબાના હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી. ચૌહાણ હાજર થયેલા.

(૭ ) ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક–૫ ના લીસ્ટથી કુલ–૫૦ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૯૪ ના લીસ્ટથી કુલ–૯ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૮) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ તથા આરોપી તર્ફેના વિ.વકીલશ્રી વી.બી.લબાનાની ચાર્જ બાબતેની દલીલો સાંભળવામાં આવેલી અને આરોપી વિરુદ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપી વિરુદ્ધ આંક–૭ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની હકીકતનો ઈન્કાર કરી તે લગત આરોપીનું આંક–૮ થી નિવેદન નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૯) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ " સી "માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૧૦) ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૨૩ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

(૧૧) ફરિયાદ પક્ષનો પુરાવા પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોય

તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૨) **દલીલો –**

ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૧૨.૧) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે, ફરિયાદીની પુત્રીની સગીર પુત્રીનું આરોપીએ અપહરણ કરી લઈ જઈ દુષ્કૃત્ય કર્યાની ફરિયાદ આપવામાં આવી છે. આરોપી સામે આંક–૭ થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે. બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૦ વર્ષ ૧૧ માસની હતી. ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે ફરિયાદીની જુબાની લેવામાં આવી છે જેમાં તેઓએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કર્યું છે. બનાવ રાત્રીના સમયે બન્યો ત્યારે ફરિયાદી, તેમની દિકરી અને ભોગ બનનાર ઘરે હાજર હતા. આરોપીએ આવી ફરિયાદીને ધમકી આપતા તે ત્યાંથી નાસી ગયેલ તેમજ ફરિયાદીની દિકરી કે જે આરોપી સાથે પત્ની તરીકે રહેતી હતી તેને બીક લાગતા નજીકના મકાઈના ખેતરમાં સંતાઈ ગયેલી ત્યારે આરોપી ભોગ બનનારને અપહરણ કરીને લઈ ગયેલ છે. બીજા દિવસે ભોગ બનનાર ઘરે આવતા તેણીએ બનાવની વાત ફરિયાદીને કરેલ તેમજ તેણીના ગુપ્ત ભાગમાંથી લોહી વહેતું હોવાથી તાત્કાલીક ફરિયાદ કરી આગળની કાર્યવાહી કરેલી છે. આમ, ફરિયાદીની જુબાનીથી ફરિયાદની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારની જુબાની લેવામાં આવી છે જેમાં તેણીની ઉંમર ૧૦ વર્ષની હોવાનું જણાવ્યું છે. ભોગ બનનારને કોર્ટ દ્વારા સવાલો પુછતા તેણીની જુબાની આપવા માટે સક્ષમ હોવાથી તેણીની જુબાની લેવામાં આવી છે. ભોગ બનનારે ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કર્યું છે. આરોપી કે જે ભોગ બનનારના માસા થાય છે તે ભોગ બનનારને મોટરસાયકલ ઉપર બેસાડી જંગલ બાજુ લઈ જઈ માર મારી તેણીની સાથે ત્રણ વખત ખોટું કામ એટલે કે દુષ્કૃત્ય કરેલાનું સ્પષ્ટપણે જણાવ્યું છે. ત્યારબાદ ભોગ બનનારને ઘરે લઈ જઈ કપડા બદલાવી બીજા

દિવસે સવારે ઈક્કો ગાડીમાં બેસાડી મોકલી આપેલ છે. ભોગ બનનારે તેની જુબાનીમાં બનાવ અંગેની સ્પષ્ટ વિગતો જણાવી છે. બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસ દરમ્યાન પણ તેણી અફર રહેલ છે. ભોગ બનનારને આ બનાવમાં ખુબ જ ગંભીર ઈજાઓ થતા તેણીનું સંડાસ પેટના ભાગેથી પસાર કરવામાં આવી રહ્યું છે. ભોગ બનનારે ખુલ્લી અદાલતમાં આરોપીને ઓળખી બતાવ્યા છે. સાહેદ નં.૩ તે રિકવરી પંચનામાના પંચ સાહેદ છે. આરોપીની હાજરીમાં આરોપીએ બતાવેલ જગ્યેથી કપડા શોધી આપ્યા છે. આ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરે છે તેમજ આ પંચનામાની વિડીયોગ્રાફી કરવામાં આવી છે. સાહેદ નં.૪ તરીકે આરોપીની પત્નીની જુબાની લેવામાં આવેલી છે. તેણી ભોગ બનનારની માસી થાય છે. આરોપી આ સાહેદના પિતાના ઘરે આવ્યા ત્યારે તેણી હાજર હતી તેમજ તેણી આરોપીના ડરથી મકાઈના ખેતરમાં સંતાઈ ગયેલી. બીજા દિવસે સવારે ભોગ બનનાર આવેલી ત્યારે તેણીની ગુપ્ત ભાગમાંથી લોહી નીકળતું હતું તથા ભોગ બનનારે આ સાહેદને બનાવ અંગેની હકીકતોની જાણ કરેલી જે તેણીએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી છે. આ સાહેદે બનાવ નજરે જોયેલ છે. ફરિયાદ પક્ષની હકીકતને આ સાહેદ સમર્થન કરે છે. સાહેદ નં.૫ તરીકે ભોગ બનનારના માતાની કાકીની જુબાની લેવામાં આવી છે જે બનાવવાળી જગ્યાની બાજુમાં રહે છે. આરોપી ભોગ બનનારને લઈને તેણીની પત્નીને શોધવા માટે આ સાહેદના ઘરે ગયેલા. આ સાહેદે આરોપી તથા ભોગ બનનારને સાથે જોયેલ છે જે હકીકતને સમર્થન કર્યુ છે. તેમજ સવારે ભોગ બનનારે ઘરે આવ્યા ત્યારે આ સાહેદ હાજર હતા તેમજ આ સાહેદને ભોગ બનનારે બનાવ અંગેની હકીકત જણાવેલી ત્યારે આ સાહેદ હાજર હતા અને તેણીએ પણ આ હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી છે. સાહેદ નં.૮ તરીકે ઓળખપરેડના પંચનામાના પંચ સાહેદની જુબાની લેવામાં આવી છે. તેમની હાજરીમાં ઓળખપરેડની કાર્યવાહી કરવામાં આવેલી છે તેમજ જે ઈક્કો ગાડીમાં ભોગ બનનાગને મોકલી આપેલ તે ઈક્કો ગાડીના ડ્રાઈવરે આરોપીને ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદ પણ પંચનામાની હકીકતને સમર્થન કરે છે. સાહેદ નં.૯ તરીકે ભોગ બનનારના કપડા રજુ કરવામાં આવેલા તે પંચનામાની વિગતે કબજે કરેલા તેના પંચ સાહેદ છે.

સાહેદ નં.૧૦ તરીકે સાયન્ટીફિક ઓફિસરની જુબાની લેવામાં આવી છે. જેઓએ બનાવવાળી જગ્યાનું સ્થળ નિરિક્ષણ કર્યું છે તેમજ આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા ઉપર રુધિરનું પરીક્ષણ કરતા સકારાત્મક પરીણામ મળી આવેલ છે. સાહેદ નં.૧૩ તરીકે ભોગ બનનારે જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાના આચાર્યની જુબાની લેવામાં આવી છે. ભોગ બનનારની શાળામાં જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ થી નોંધાયેલી છે તેમજ સાહેદ નં.૧૫ તરીકે તલાટી કમ મંત્રીની જુબાની લેવામાં આવી છે. જેઓના રેકર્ડમાં પણ ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની નોંધાયેલાનું જણાવેલું છે. બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર થાય છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ મેડીકલ ઓફિસરશ્રીએ તેમની જુબાનીમાં ભોગ બનનારે બનાવની જે હિસ્ટ્રી જણાવેલી તે જાહેર કરે છે જેનાથી બનાવની હકીકતને સમર્થન મળે છે. ભોગ બનનારના ગુપ્ત ભાગ ઉપર ગંભીર ઈજાઓ હોવાનું પણ આ સાહેદે જણાવ્યું છે તેમજ તેમના અભિપ્રાય મુજબ બળપૂર્વક જાતિય સંબંધ બાંધવામાં આવે તો ભોગ બનનારને ઈજાઓ હતી તેવી ઈજાઓ થવાની શક્યતાનો અભિપ્રાય આપેલો છે. આ સાહેદે આરોપીની શારીરીક તપાસ કરી છે જે દરમ્યાન આરોપીની શિશ્ન ઉપર ઉઝરડાની ઈજા હોવાનું જણાવે છે તેમજ આ ઈજાઓ ૨૪ કલાક અંદરની હતી. બળપૂર્વક શારીરીક સંબંધ બાંધવામાં આવે તો શિશ્ન ઉપર જે ઈજાઓ હતી તેવી ઈજાઓ થઈ શકે તેવો અભિપ્રાય આપેલો છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૬ ગાયનેકલોજીસ્ટ ડૉક્ટરની જુબાની લેવામાં આવી છે. જેઓએ પણ ભોગ બનનારને બનાવ અંગેની જણાવેલી હિસ્ટ્રી જાહેર કરી છે તેમજ તેણીની ગંભીર ઈજા હોવાનું જણાવ્યું છે. આ ઈજાઓની સારવાર પણ કરવામાં આવી છે. યોનિ તથા ગુદાનો માર્ગ ફાટી ગયેલો હતો. આ સાહેદની જુબાનીથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં.૧૭ તરીકે સીવીલ હોસ્પિટલ, અમદાવાદના ડૉક્ટરની જુબાની લેવામાં આવી છે. જેઓએ પણ તેમની જુબાનીમાં ભોગ બનનારની યોનિ અને ગુદાની વચ્ચેનો ભાગ કપાઈ ગયેલો હતો અને પેટના ભાગે ઓપરેશન કરીને જગ્યા કરવામાં આવેલ હોવાનું જણાવ્યું છે. આમ, ભોગ બનનારને ગંભીર ઈજાઓ થયેલ હોવાનું જણાવ્યું છે. તેઓએ પણ ફરિયાદ પક્ષના કેસને અનુરુપ અભિપ્રાય

આપેલો છે. ત.ક.અમલદારે જરુરી અને યોગ્ય તપાસ કર્યા બાદ ચાર્જશીટ કરેલું છે. ભોગ બનનારના શરીર ઉપરથી લેવામાં આવેલ જુદા–જુદા નમુનાઓ, બનાવ સમયે તેણીએ પહેરેલ કપડા તથા આરોપીએ પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરી પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા મુકામે મોકલવામાં આવેલા છે. જેનો રીપોર્ટ આંક–૧૧૬ થી રજુ કરેલ છે જેમાં ભોગ બનનાર તથા આરોપીના કપડા ઉપર રુધિરની હાજરી મળી આવે છે જેનાથી પણ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન મળે છે. ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલો સમગ્ર પુરાવો જોતા આરોપી સામેનો ગુનો પુરવાર થતો હોવાનું જણાવી આક્ષેપીત ગુનામાં આરોપીને કસૂરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

(૧૨.૨) આરોપીના વિ.વકીલશ્રી વી.બી.લબાનાનાએ તેમની દલીલોમાં ભારપૂર્વક જણાવેલ છે કે ફરિયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો બનાવ સમયે ઘર છોડીને ચાલ્યા ગયેલાનું જણાવ્યું છે જેથી ફરિયાદીએ બનાવ નજરે જોયેલો નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ છુટાછવાયા બીજા મકાનો આવેલા છે જેના રહીશોને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. બનાવ સમયે નવરાત્રી ચાલતી હતી. ભોગ બનનારે ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ આરોપી મારી માસીને શોધવા માટે ઘરે આવ્યા હતા. તેઓની મોટરસાયકલ સ્લીપ થવાથી પડી જવાથી ઈજા થયાનો ઈન્કાર કરેલો છે પરંતુ ભોગ બનનારને જે ઈજાઓ થયેલી છે તે અકસ્માતના કારણે ઈજાઓ થયેલી છે. ભોગ બનનાર રાત્રીના સમયે નવરાત્રી જોવા માટે ગયેલી હતી. આરોપીના વિ.વકીલશ્રીએ તમામ સાહેદોની જુબાનીની ઉલટતપાસ વંચાણે લઈ આ ગુનામાં આરોપીને ફસાવી દેવા માટે ખોટું નામ આપેલ હોવાનું જણાવી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૩) આ કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની (બાળક) હતી?

મુદ્દા નં.૨ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના આશરે ૨૧–૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપીએ ફરિયાદીના ઘરે બાઈક લઈને આવી ફરિયાદીની દિકરી રીસાઈને ઘરે બેઠેલી હોય તેની અદાવત રાખી આરોપીએ ફરિયાદીની દિકરીની દિકરી એટલે કે ભોગ બનનાર, ઉ.વ.૧૦ વર્ષ ૧૧ માસનાનીને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૩ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે તેમજ ઉપરોક્ત બનાવના ભાગરુપે આ કામના આરોપીએ ભોગ બનનારને મોઢાના ભાગે માર મારી શારીરીક વ્યથા પહોંચાડી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૪ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે તેમજ ઉપરોક્ત બનાવના ભાગરુપે આ કામના આરોપીએ પોતાના હાથમાં ચપ્પુ ધારણ કરી ફરિયાદી, સાહેદોને મારી નાંખવાની ધાક ધમકીઓ આપી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૩) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૫ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે તેમજ ઉપરોક્ત બનાવના

ભાગરુપે આ કામના આરોપીએ ફરિયાદી, સાહેદોને મા–બેન સમાણી ગાળો બોલી જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવી ઉશ્કેરણી કરવાના ઈરાદાથી અપમાન કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૬ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે તેમજ ઉપરોક્ત બનાવના ભાગરુપે આ કામના આરોપીએ ગુનામાં વાપરેલ છરી, ભોગ બનનાર તથા પોતાના કપડા સંતાડી પુરાવાનો નાશ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૩૮(ક) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૭ :– શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે તેમજ ઉપરોક્ત બનાવના ભાગરુપે આ કામના આરોપીએ ભોગ બનનાર કે જે સગીર વયની બાળકી છે તેવું જાણતા હોવા છતાં ફરિયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ જબરજસ્તીથી તેણીની સાથે એક થી વધુ વખત દુષ્કર્મ કરી શારીરીક શોષણ કરી પ્રવેશ જાતિય હુમલો તથા ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના રક્ષણ બાબત અધિનિયમની કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૮ :– શું હુકમ ?

(૧૪) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.

મુદ્દા નં.૨ :– હકારમાં.

મુદ્દા નં.૩ :– હકારમાં.

મુદ્દા નં.૪ :– હકારમાં.

મુદ્દા નં.૫ :– નકારમાં.

મુદ્દા નં.૬ :– હકારમાં.

મુદ્દા નં.૭ :– હકારમાં.

મુદ્દા નં.૮ :– આખરી હુકમ મુજબ.

## – પુરાવાનું મુલ્યાંકન, ચર્ચા અને કારણો –

### (૧૫) મુદ્દા નં.૧ ની ચર્ચા –

(૧૫.૧) આરોપી સામે ધી પોક્સો એક્ટની કલમ–૪, ૬ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે ત્યારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની (બાળક) હતી તે હકીકત મહત્વની બને છે તે સંજોગોમાં સૌપ્રથમ ફરિયાદ પક્ષે આ હકીકત પુરવાર કરવાની જરુરીયાત છે.

(૧૫.૨) ભોગ બનનારની ઉંમર નક્કી કરવા અંગેના કાયદાકીય પ્રબંધો જોવામાં આવે તો તે આ મુજબ છે. ધી પોક્સો એક્ટની કલમ–૨(ડી) માં બાળકની વ્યાખ્યા આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

> **કલમ–૨(ડી) –** બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી કોઈ વ્યકિત.

(૧૫.૩) ધી પોક્સો એક્ટની કલમ–૩૪ ની જોગવાઈ પણ આ કામે અહીં ટાંકવી મહત્વની બની જાય છે જે નીચે મુજબ છે.

> **કલમ–૩૪(૨) –** ખાસ અદાલત સમક્ષ કોઈ કાર્યવાહીમાં આ સંબંધમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ વ્યકિત બાળક કે કેમ? ત્યારે ખાસ અદાલત આવા વ્યકિતની ઉંમર વિશે પોતે

નક્કી કર્યા પછી આવા પ્રશ્નનું અનુમાન કરવામાં આવશે, અને તે આવા અનુમાન માટેના કારણોની લેખીતમાં નોંધ કરશે.

(૧૫.૪) નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **૨૦૧૫(૭) એસ.સી.સી., પેજ નં.૭૭૩ (સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરુદ્ધ અનુપસીંઘ)**નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું અવલોકન કરેલ છે કે બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ધ્યાને લેવાની રહે છે.

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ અમલમાં આવેલો છે અને તે સંજોગોમાં તેની કલમ–૯૪ ને પણ વંચાણે લેવાની રહે છે.

(૧૫.૫) જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૯૪. ઉંમરનું અનુમાન અને નક્કી કરવું.**

(૧) જ્યાં સમિતિ અથવા બોર્ડ સમક્ષ આ અધિનિયમની કોઈપણ જોગવાઈ(સિવાય કે પુરાવો આપવાના હેતુ માટે) હેઠળ રજુ કરવામાં આવેલ વ્યકિતના દેખાવના આધારે, તેઓને ચોક્કસ લાગે કે સદર વ્યકિત એક બાળક છે, તો સમિતિ અથવા બોર્ડે બાળકની ઉંમર જેટલી નજીકની જણાય તેટલી દર્શાવીને તેવા અવલોકનો નોંધવાના રહેશે અને ઉંમરની વધુ ખાત્રી કર્યા સિવાય કલમ–૧૪ અથવા કલમ–૩૬ જે લાગુ પડતું હોય તે હેઠળ તપાસ હાથ ધરવાની રહેશે.

(૨) સમિતિ અથવા બોર્ડ પાસે, તેઓ સમક્ષ રજુ કરવામાં આવેલ વ્યકિત, બાળક છે કે નથી તે અંગે શંકા માટે વાજબી કારણો હોય તેવા કિસ્સામાં, સમિતિ અથવા બોર્ડ, જે લાગુ પડતું હોય તેઓએ નીચે મુજબના પુરાવાઓ મેળવી ઉંમર નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧) શાળામાંથી જન્મના પ્રમાણપત્રની તારીખ અથવા સંબંધીત પરીક્ષા બોર્ડ પાસેથી મેટ્રિક્યુલેશન અથવા તે સમાન પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ સત્તાધિકારી અથવા પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર.

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની ગેરહાજરીમાં જ, સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ કરવામાં આવેલ ઑસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈ તાજેતરનું તબીબી ઉંમર ચકાસણી પરીક્ષાના આધારે નક્કી કરવાની રહેશે.

એ શરત છે કે,સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ ઉંમર નક્કી કરવાની પરીક્ષા તેવા હુકમથી પંદર દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે.

(૪) સમિતિ અથવા બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવેલ, વ્યકિતની તેઓ દ્વારા નોંધવામાં આવેલ ઉંમરને, આ અધિનિયમના હેતુ માટે, તે વ્યકિતની ઉંમર તરીકે ગણવાની રહેશે.

આમ, ઉપરોક્ત જોગવાઈને જોતા પ્રથમ શાળાનું જન્મનું પ્રમાણપત્ર અથવા તો મેટ્રીક્યુલેશન તથા તેની સમકક્ષ સર્ટીફિકેટ જો ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે અને સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીક્યુલેશન સર્ટીફિકેટ કે તેની સમકક્ષ સર્ટીફિકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર હોય તો તે ધ્યાને લેવાનું રહે છે પરંતુ કલોઝ (iii) મુજબ કલોઝ (i) અને કલોઝ (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઓસીફિકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી ઉંમર નક્કી કરવાની રહે છે.

(૧૫.૬) આ બનાવની ફરિયાદ ભોગ બનનારના નાનાએ બનાવના બીજા દિવસે એટલે કે તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ લીમખેડા પોલીસ સ્ટેશનમાં આપેલી છે. જેમાં તેઓએ જણાવેલું છે કે ભોગ બનનાર ધોરણ−૫ માં ભણે છે. તેની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની છે અને તેની ઉંમર હાલમાં ૧૦ વર્ષ ૧૧ માસની છે.

(૧૫.૭) ફરિયાદીએ સાહેદ નં.૧ તરીકે આંક−૧૨ થી જુબાની આપેલી છે જેમાં તેઓએ જણાવેલું છે કે ભોગ બનનાર તે મારી સૌથી મોટી દિકરીની બીજા નંબરની દિકરી છે. બનાવ સમયે ભોગ બનનાર ધોરણ−૫ માં અમારા ગામમાં ભણતી હતી. ભોગ બનનારની જન્મ તારીખ મને મોઢે યાદ નથી. બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૦ વર્ષ આશરેની હતી.

ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારની જુબાની આંક–૧૪ થી લેવામાં આવી છે જેમાં તેઓ જણાવે છે કે હું મારા મામાના ઘરે રહી અભ્યાસ કરું છું. હાલ હું ધોરણ–૫ માં અભ્યાસ કરું છું. મને મારી જન્મ તારીખ યાદ નથી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ આ બન્ને સાહેદોની ઉલટતપાસ કરેલી છે પરંતુ તેમાં તેઓએ ભોગ બનનાર ધોરણ–૫ માં અભ્યાસ કરતા હોવાનું અથવા તો તેની ઉંમર ૧૦ વર્ષની હોવા સબંધે કોઈ તકરાર લીધેલાનું મળી આવતું નથી.

(૧૫.૮) ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૩ તરીકે રમણભાઈ ભુરસીંગભાઈ ડામોરને આંક–૫૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે ગુમણી(દુ) પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે હું સને–૨૦૧૫ થી ગુમણી(દુ) પ્રાથમિક શાળા આચાર્ય તરીકે ફરજ બજાવુ છુ. હું આજરોજ મારી શાળાનુ જનરલ રજીસ્ટર મારી સાથે લાવેલ છુ જેમા ભોગ બનનારની અનુક્રમ નં.૨૦૮૮ થી નોંધણી થયેલ છે. જેમા તેણીની જન્મ તા.૧૦/૧૦/૨૦૧૪ ની લખેલ છે અને ભોગ બનનાર અમારી શાળામા અભ્યાસ માટે તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ ધોરણ–૦૧ મા દાખલ થયેલ છે. તેણી અમારી શાળામાં ધોરણ–૦૫ મા અભ્યાસ કરે છે. આ સાહેદે ભોગ બનનારના જન્મનો દાખલો આંક–૫૭ થી તથા જી.આર. રજીસ્ટરના જરુર પુરતા પાનાની નકલ આંક–૫૮ થી રજુ કરેલ છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે એ વાત ખરી છે કે વિધ્યાર્થીને શાળામાં દાખલ કરવામા આવે ત્યારે તેના વાલીની અરજી લેવામા આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વાલી સર્ટી. તથા જન્મના દાખલા ના આધારે દાખલ કરવામા આવે છે.

(૧૫.૯) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૫ તરીકે હિરલબેન ભીમસીંગભાઈ ભાભોરને આંક–૬૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે દુધીયા ગ્રામ પંચાયતમાં તલાટી ક્મ મંત્રી તરીકે ફરજ બજાવે છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે હું અઢી વર્ષથી દુધીયા ગ્રામ

પંચાયતમા તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવુ છુ. અમારી ગ્રામ પંચાયતના કાર્યક્ષેત્રમા દુધીયા અને પીપળી બે ગામ આવે છે. અમારી કચેરીમાં જન્મ–મરણ રજીસ્ટર નિભાવવામાં આવે છે અને તેના આધારે જન્મ અને મરણના દાખલા પણ આપવામા આવે છે. મને નિશાની ૦૫/૦૨ વાળો જન્મનો દાખલો બતાવવામા આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી તથા હોદ્દાનો સીક્કો છે. આ પ્રમાણપત્ર જન્મ રજીસ્ટર ઉપરથી આપેલ છે. જે મુજબ ભોગ બનનારની જન્મ તા.૧૦/૧૦/૨૦૧૪ ની છે. આ સાહેદે આંક–૬૯ થી જન્મનું પ્રમાણપત્ર તથા આંક–૭૦ થી જન્મ રજીસ્ટરના જરુર પુરતા પાનાની નકલ રજુ કરેલી છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે એવી હકીકત લખાવેલી છે કે એ હું કહી શકુ નહી કે ભોગ બનનારના જન્મ તારીખની નોંધ તેના પિતાએ આશરે લખાવેલી. ભોગ બનનારના જન્મની નોંધ પી.એચ.સી.માંથી આવેલ દાખલાના આધારે કરવામાં આવેલી છે.

(૧૫.૧૦) ફરિયાદ પક્ષના ઉપરોક્ત પુરાવાઓ જોવામાં આવે તો ભોગ બનનારના જન્મ તારીખની નોંધ સ્થાનીક પંચાયતમાં કરવામાં આવેલી છે જે મુજબ તેણીની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની છે. આ જન્મની નોંધ તા.૦૭/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલી છે. સ્થાનીક તલાટી કમ મંત્રીશ્રીએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ ભોગ બનનારના જન્મની નોંધ પી.એચ.સી.માંથી આવેલ દાખલાના આધારે કરવામાં આવેલી છે. આમ, ભોગ બનનારનો જન્મ પી.એચ.સી.માં થયેલો છે. ત્યાંથી જન્મનો દાખલો સ્થાનીક પંચાયતમાં મોકલી આપવામાં આવેલો છે અને તેના આધારે તેની નોંધ કરવામાં આવેલી છે તે સંજોગોમાં ભોગ બનનારની જન્મ તારીખ આશરે અથવા તો ખોટી લખવામાં આવેલ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૧૫.૧૧) ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૩ ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાના આચાર્યશ્રીએ પણ તેમની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની નોંધાયેલ હોવાનું જણાવ્યું છે. બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસ જોવામાં આવે તો વાલી સર્ટીફિકેટ તથા જન્મના દાખલાના આધારે બાળકને શાળામાં અભ્યાસ માટે

દાખલ કરવામાં આવે છે.

આ મુજબની વિગતો જોવામાં આવે તો ભોગ બનનારનો જન્મ જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં થયેલો તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના જન્મના દાખલાના આધારે સ્થાનીક પંચાયતમાં જન્મ તારીખની નોંધ કરવામાં આવેલી છે તેમજ સ્થાનીક પંચાયતના દાખલાના આધારે ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાના રેકર્ડમાં નોંધ કરવામાં આવેલી છે.

આ સમગ્ર પુરાવા જોતા ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૧૫.૧૨) ફરિયાદી તથા ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ ભોગ બનનાર ધોરણ–૫ માં અભ્યાસ કરે છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૩ ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાના આચાર્યશ્રીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે ભોગ બનનાર અમારી શાળામાં ધોરણ–૫ માં અભ્યાસ કરે છે. સામાન્ય રીતે બાળક પાંચ વર્ષનું થાય ત્યારે ધોરણ–૧ માં અભ્યાસ માટે દાખલ કરવામાં આવે છે. ભોગ બનનાર બનાવ સમયે ધોરણ–૫ માં અભ્યાસ કરે છે. જેની સાપેક્ષમાં ભોગ બનનારની જન્મ તારીખ જોવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૦ વર્ષ ૧૧ માસની હોવાનું મળી આવે છે. આમ, પાંચ વર્ષની ઉંમર બાદ ભોગ બનનારને શાળામાં અભ્યાસ માટે દાખલ કરવામાં આવેલ હોય તો તેની સાપેક્ષમાં તેની ઉંમર જોવામાં આવે તો પણ ભોગ બનનારની જન્મ તારીખ સાચી હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૧૫.૧૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ ન.૧૪ તરીકે ડૉ. હિતેષભાઈ મોતીભાઈ ભરવાડને આંક–૫૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ સી.એચ.સી. લીમખેડા ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આ સાહેદે તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ ભોગ બનનારની શારીરીક તપાસ કરેલી છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે મારા અભિપ્રાય મુજબ ભોગ બનનારના ગૌણ પ્રજનન અંગો તથા મુખ્ય પ્રજનન અંગો વિકસીત ના હતા.

ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૬ તરીકે ડૉ. આયુષી

નારાયણભાઈ અરોરાને આંક–૭૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે ઝાયડસ હોસ્પિટલ, દાહોદમાં ગાયનેક્લોજીસ્ટ તરીકે ફરજ બજાવતા હતા. તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ તેઓએ ભોગ બનનારની શારીરીક તપાસ કરેલી છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે તેણીની તપાસ કરતા તેણી ૧૦ વર્ષની અપરણીત હતી. તેણીને માસીક આવવાની શરુઆત થયેલી ન હતી.

(૧૫.૧૪) ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલ ઉપરોક્ત પુરાવાઓની સાપેક્ષમાં બન્ને મેડીકલ ઓફિસરશ્રીઓની જુબાનીઓની ઉપરોક્ત હકીકતોને વંચાણે લેવામાં આવે તો પણ આ પુરાવાઓને સ્પષ્ટપણે સમર્થન મળે છે. આમ, ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ની હોવાની હકીકતને સ્પષ્ટપણે પુરવાર થાય છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ પણ ભોગ બનનાર સગીર વયની હોવા સંબંધે કોઈ તકરાર લીધેલાનું મળી આવતું નથી.

આ બનાવ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે બનેલો છે. ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૦/૧૦/૨૦૧૪ ને બનાવની તારીખની સાપેક્ષમાં જોવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૦ વર્ષ ૧૧ માસની હોવાની હકીકત પુરવાર થાય છે. એટલે કે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ–૨(ડી) ની જોગવાઈ મુજબ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની(બાળક) હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી હોય **મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૧૬) મુદ્દા નં.૨, ૭ ની ચર્ચાઃ–

(૧૬.૧) આ કામે મુદ્દા ન.૨ તથા ૭ પરસ્પર એકબીજાની સાથે સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન ના થાય તે હેતુથી મુદ્દા નં.૨ તથા ૭ ની સંયુક્ત ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૬.૨) ફરિયાદ પક્ષના કેસની હકીકતો મુજબ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે ૯–૦૦ વાગ્યે ફરિયાદી, ભોગ બનનાર તથા ફરિયાદીની અન્ય દિકરી ઘરે હાજર હતી ત્યારે આરોપી તેમના ઘરે આવેલો તથા ફરિયાદીને ધમકી આપી ભોગ બનનારનું અપહરણ કરી લઈ ગયેલ તેમજ ફરિયાદી, ભોગ બનનાર તથા સાહેદોની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો ભોગ બનનાર સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી તેણીના ગુપ્તાંગો ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી આક્ષેપીત ગુનો કરેલો છે.

આમ, ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપીએ ભોગ બનનારને તેણીના કાનૂની વાલીપણામાંથી લગ્ન બાહ્ય સંભોગ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ પ્રવેશ જાતિય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરેલો છે.

(૧૬.૩) ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા આરોપી સામેના આક્ષેપીત ગુનામાં એટલે કે જાતિય હુમલો/બળાત્કારના કિસ્સામાં પુરાવાઓનું મુલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ તે સંબંધેના નક્કી કરવામાં આવેલ નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતોને લક્ષમાં લેવાની જરુરીયાત છે.

> (૧) **૨૦૦૩(૫) એસ.સી.સી.–૭૬૬ (સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુદ્ધ આશારામ)**ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલું છે કે, આવા પ્રકારના ગુનાઓમાં માત્ર ભોગ બનનારના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય છે સિવાય કે અન્ય પુરાવાનું સમર્થન મેળવવા માટે વિશિષ્ય સંજોગો હોય. ભોગ બનનારનો પુરાવો તે ઈજા પામનાર સાહેદ કરતા પણ વિશેષ મહત્વનો અને આધારભૂત છે. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર હોય તો તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય છે.

(૧૬.૪) પોક્સો એકટની કલમ–૨૯ તથા ૩૦ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

> **કલમ–૨૯ઃ– નિશ્ચિત ગુનાઓનું અનુમાનઃ–** જ્યારે કોઈ વ્યક્તિ, આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના કોઈપણ ગુનો કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાની કાનૂની કાર્યવાહી વિશેષ અદાલત, કિસ્સાનુસાર જે કેસની તકરારને સાબીત ન કરે ત્યાં સુધી અન્યથા, આવી

વ્યક્તિએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે, એવું અનુમાન કરશે.

**કલમ–૩૦– દોષીની માનસિક સ્થિતિ અંગે અનુમાનઃ–**

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટેની કોઈપણ કાનૂની કાર્યવાહી કે જે આરોપીના તરફથી દોષપાત્ર માનસિક સ્થિતિ માટે આવશ્યક હોય, ત્યાં વિશેષ અદાલત અસ્તિત્વ ધરાવતી આવી માનસિક સ્થિતિ અંગે અનુમાન કરશે પરંતુ, આરોપીને પોતાના બચાવમાં એ હકીકત સાબીત કરવી પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તહોમત મુકવામાં આવેલ ગુના કે જેની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેની સાથે કોઈ સંબંધ નથી.

(૨) આ કલમના ઉદ્ધેશસર, હકીકત ત્યારે જ સાબીત થયેલી ગણાશે કે જ્યારે વિશેષ અદાલતને એમ માનવાને લાગે કે અસ્તિત્વ એ વાજબી શંકાની પેલે પાર છે અને માત્ર તેનું હોવાનું પ્રસ્થાપિત માત્ર પ્રભાવની શક્યતા નથી.

(૧૬.૫) આ કામે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરુરી જણાય છે.

**(1) 2025(0) AIJEL-TN-1297675**
**(મુરુગપ્પન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ)**

**(2) 2025(0) AIJEL-MH-2502484**
**રુપચંદ દિલીપ સીન્દે વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ)**

ઉપરોક્ત ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો નામદાર વડી અદાલતે એવું પ્રસ્થાપિત કરેલું છે કે, જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની કલમ–૨૯ તથા ૩૦ ના અનુમાનો આકર્ષવા માટે ફરિયાદ પક્ષ તરફથી મુળભૂત હકીકતો શંકારહીત પુરવાર કરવાની જરુરીયાત છે. આમ, ફરિયાદ પક્ષ મુળભૂત હકીકતો શંકારહીત પુરવાર કરવામાં સફળ થાય ત્યારે જ આ અધિનિયમની કલમ–૨૯ તથા ૩૦ ના અનુમાન આકર્ષાય છે.

(૧૬.૬) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે ફરિયાદીની જુબાની લેવામાં આવી છે. જેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે મારે

વસ્તારમા ચાર બાળકો છે. જેમા બે છોકરાઓ અને બે છોકરીઓ છે. ભોગ બનનાર તે મારી સૌથી મોટી દિકરીની બીજા નંબરની દિકરી છે. બનાવ સમયે ભોગ બનનાર ધોરણ–૦૫ મા અમારા ગામમા ભણતી હતી. ભોગ બનનાર બનાવના અરસામા મારા ઘરે રહેતી હતી અને ભણતી હતી. ભોગ બનનાર જન્મ તારીખ મને મોઢે યાદ નથી. બનાવ સમયે ભોગ બનનારની ઉમર ૧૦ વર્ષ આશરેની હતી. આ બનાવ ગયા વર્ષની નવરાત્રીના છેલ્લા દિવસે બનેલો. બનાવના દિવસે સાંજના હુ તથા મારી દિકરી અને ભોગ બનનાર ઘરે હાજર હતા અને ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી સુવાની તૈયારી કરતા હતા તે વખતે રાતના આશરે નવ–દસ વાગ્યાના સુમારે આરોપી રાજેશ મોટર સાયકલ લઇને આવેલો. મોટર સાયકલ ઉપર આરોપીની સાથે બીજો એક વ્યકિત હતો. તે આરોપીને મુકીને મોટર સાયકલ લઇને જતો રહેલો. તે વખતે આરોપી રાજેશે મારા ઘરના દરવાજા ઉપર બે લાત મારેલી અને ખોલ એમ બોલેલો. તેથી મે કહેલ કે દરવાજો નહી ખોલુ કોણ છે? દરવાજો તોડી નાખશે તેવુ મને લાગતા મે દરવાજો ખોલેલો.

આ સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ આરોપીએ મને ગળેથી પકડેલો અને ચપ્પુ કાઢી મને બતાવેલુ. જેથી હુ મારા ઘરેથી નાસી ગયેલો. ત્યારબાદ ભોગ બનનાર આરોપીના હાથમાં આવી ગયેલ જેને લઇને ઝાલોદ જતો રહેલો. ત્યારબાદ અમે ભોગ બનનારની શોધખોળ કરેલી પરંતુ મળેલી નહી. ત્યારબાદ સવારે આશરે આઠ વાગ્યે આરોપી ભોગ બનનારને અમારા ઘરની સામે આવેલ રોડ ઉપર મુકી ગયેલો અને ભોગ બનનાર રડતી રડતી ઘરે આવેલી અને ગભરાયેલી હતી મે તેણીને પુછેલુ તો તેણીએ મને જણાવેલ કે રાજેશ મને રાત્રે તેના ઘરે લઇ ગયેલો અને તેના ઘરની બાજુમા મારી સાથે દુષ્કર્મ કરેલુ. ભોગ બનનાર ચાલી શકતી ન હતી અને તેના કપડા ઉપર લોહીના ડાઘા હતા. ત્યારબાદ ભોગ બનનારને લઇને અમે લીમખેડા પોલીસ સ્ટેશનમા આવેલા અને ફરિયાદ કરેલી. ત્યારબાદ ભોગ બનનારને લીમખેડા સી.એચ.સી.માં સારવાર માટે લઇ ગયેલા. ત્યાથી દાહોદ ઝાયડસ હોસ્પીટલમાં લઇ ગયેલા. ત્યા ભોગ બનનારની ૧૧ દિવસ સારવાર કરેલી. ત્યારબાદ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં વધુ સારવાર માટે લઇ ગયેલા. અમદાવાદ આશરે ૨૦ દિવસ સારવાર ચાલેલી. મને નિશાની ૦૫/૦૧ વાળી

ફરિયાદ બતાવવામા આવે છે તેમા મારા ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે જે હુ ઓળખુ છુ જેને આંક-૧૩ આપવામાં આવે છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે એ વાત ખરી છે કે બનાવ રાત્રીના સમયે બનેલો. એ વાત ખરી નથી કે આરોપીએ મારી મોટી પુત્રી સાથે પ્રેમ લગ્ન કરેલા હતા. એ વાત ખરી છે કે આરોપી મારા ઘરે આવ્યો ત્યારે હુ ઘર છોડીને જતો રહેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને ચપ્પુ બતાવેલુ તેથી ઘર છોડીને જતો રહેલો. એ વાત ખરી છે કે મારા ઘરની આજુબાજુ છુટાછવાયા મકાનો આવેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દુર-દુર આવેલા છે. એ વાત ખરી છે કે બનાવ સમયે નવરાત્રી ચાલતી હતી.

સવાલ:- બનાવ સમયે નવરાત્રીનો સમય ચાલતો હતો તેથી ભોગ બનનાર ગરબા જોવા માટે ગયેલી હતી ?

જવાબ:- હું ડરીની ઘરેથી ચાલ્યો ગયેલો. ઘરે આવ્યા બાદ મે ભોગ બનનારને જોયેલી નહી તેથી તે ગરબા જોવા ગઈ હશે તેવુ મે માનેલુ.

(૧૬.૭) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૪ તરીકે ભોગ બનનારની માસીને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે ભોગ બનનાર મારી બહેનની દિકરી થાય છે. બનાવ સમયે ભોગ બનનાર ધોરણ-૦૫ મા ભણતી હતી. આરોપી આશરે પાંચ વર્ષ પહેલા મને ભગાડીને લઈ ગયેલો અને અમે આશરે ત્રણ વર્ષ જેટલુ સાથે રહેલા. મારે આરોપી થકી કોઈ સંતાન થયેલ નથી. બનાવના દિવસે સાંજે પાંચ વાગ્યે હુ મારા પિતાના ઘરે આવેલી હતી. આ બનાવ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવના દિવસે રાતના નવ વાગ્યાના સુમારે હુ, મારા પિતા તથા મારી ભોગ બનનાર ભાણેજ ઘરમાં વાતો કરતા હતા તે વખતે આરોપી રાજેશે અમારા મકાનના દરવાજાને લાત મારેલ અને જાડી-જાડી કહીને બુમો પાડેલી જેથી મારા પિતાએ કોણ છે તેમ કહેતા જેથી કહેલ કે હુ ડામોર છુ. તે વખતે આરોપી ગાળો બોલતો હતો અને બધાને મારી નાખીશ તેમ કહેતો હતો. ત્યારબાદ મે ઘરનો દરવાજો ખોલેલો. તે વખતે

આરોપીએ મારા પપ્પાનુ ગળુ પકડી તેને બાજુના રુમમા લઇ ગયેલ અને તેના હાથમાં ચપ્પુ હતુ. તે વખતે મને મારશે તેવી બીક લાગતા હુ દોડીને ઘરની બહાર નીકળી બાજુના મકાઇવાળા ખેતરમા જતી રહેલી અને સંતાઇ ગયેલી. આરોપી મારા નામની બુમો પાડતો હતો પરંતુ મને મારશે તેવી બીક હોવાથી બહાર નીકળેલી નહી. તે વખતે આરોપીએ ભોગ બનનારને પકડી લીધેલી અને કહેલ કે તારી માસીને શોધવા માટે જઇએ છીએ તેમ કહી મારા કાકાના ઘરે લઇ ગયેલો.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે હું વહેલી સવારે ચાર થી પાંચ વાગ્યે મારા ઘરે ગયેલી ત્યારે ઘરમા સામાન વેરવિખેર પડેલો હતો. મારા પિતા હાજર ન હતા. ત્યારબાદ મારા પિતા આવેલા અને મને પુછેલુ કે તુ કયા હતી? તો મે કહેલ હુ સંતાઇ ગયેલી હતી. મારા પિતાએ મને પુછેલુ કે ભોગ બનનાર કયા છે તો મે કહેલ કે મને ખબર નથી હું સંતાઇ ગયેલી હતી. મારા પિતાને એવુ લાગેલ કે ભોગ બનનાર મારા કાકાને ત્યા સુતેલી હશે જેથી સવારના સાત થી આઠ વાગ્યા સુધી ભોગ બનનારની રાહ જોયેલી. ત્યારબાદ બધા ભેગા થઇ ગયેલા અને ભોગ બનનારની શોધખોળ શરુ કરેલી તથા આરોપીને ફોન લગાવેલો પરંતુ તેનો ફોન બંધ હતો. અમે ગામના સરપંચને મળેલા તથા બધા માણસો ભેગા થઇ ગયેલા ત્યારે ફરિયાદ કરવાનુ નકકી કરેલુ. ફરિયાદ કરવા માટે જવાની તૈયારી કરતા હતા ત્યારે ભોગ બનનાર રોડ ઉપરથી ઘર તરફ આવતા જોયેલી. ભોગ બનનાર ઘરે આવેલી અને તેની પુછપરછ કરતા રડવા લાગેલી જેથી તેના કપડા કાઢીને જોયુ તો તેના ગુપ્ત ભાગે તથા પાછળના ભાગે લોહી નીકળેલુ હતુ. જેથી ભોગ બનનારને પુછતા જણાવેલુ કે આરોપી રાજેશ મને બાઇક ઉપર બેસાડીને વડીયા જંગલમા લઇ ગયેલો ત્યાં મારી સાથે બે વખત દુષ્કર્મ કરેલુ. ત્યારબાદ મને તેના ઘરે લઇ ગયેલ અને ઘરે લઇ ગયા પછી પણ મારી સાથે દુષ્કર્મ કરેલુ. ત્યારબાદ મને મોટર સાયકલ ઉપર બેસાડીને લીમડી સુધી લાવેલ અને રૂા.૫૦/– ભાડુ આપી ત્યાથી એક ઇકકો ગાડીમાં બેસાડેલી અને રોડ ઉપર ઉતરેલી ત્યાથી ઘરે આવેલ છુ.''

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે ભોગ બનનારના પિતા વડોદરા મજુરી કામ માટે ગયેલા હતા જેથી તેમણે ફોન કરીને જાણ કરેલી અને આ બનાવ બાબતે મારા પિતાએ કુટુંબના સભ્યોને સાથે રાખી લીમખેડા

પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપેલી. પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલુ.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદ એવું જણાવે છે કે હું ધોરણ–૦૯ સુધી ભણેલી છુ. એ વાત ખરી છે કે આરોપી મારા પતિ થાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ તેની સાથે ભાગી ગયેલી પરંતુ લગ્ન કરેલા નથી. એ વાત ખરી છે કે આરોપી સાથે મારે અવારનવાર ઝગડો થતો હતો. એ વાત ખરી છે કે બનાવ રાત્રીના સમયે બનેલો. એ વાત ખરી છે કે બનાવ સમયે નવરાત્રી ચાલતી હતી. એ વાત ખરી નથી કે આરોપી ભોગ બનનારને નવરાત્રી જોવા માટે લઈ ગયેલો ત્યારે મોટર સાયકલ ઉપરથી પડી જવાના કારણે ભોગ બનનારને ઈજાઓ થયેલી.

(૧૬.૮) ફરિયાદ પક્ષના ઉપરોક્ત બન્ને સાહેદોની જુબાનીઓને ઝીણવટભરી રીતે વંચાણે લેવામાં આવે તો તેમાંથી તે હકીકત સ્પષ્ટપણે મળી આવે છે કે બનાવ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે બનેલો. બનાવના દિવસે રાત્રીના સમયે ફરિયાદી, આ સાહેદ તથા ભોગ બનનાર ફરિયાદીના ઘરે હતા ત્યારે રાત્રીના આશરે ૯–૦૦ વાગ્યે આરોપી ત્યાં આવેલો અને આરોપીની બીકથી ફરિયાદી ઘરેથી નાસી ગયેલા તેમજ આ સાહેદ બાજુમાં આવેલ મકાઈવાળા ખેતરમાં જઈને સંતાઈ ગયેલા અને આરોપીએ ભોગ બનનારને પકડી લીધેલી.

(૧૬.૯) ફરિયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૫ તરીકે ભોગ બનનારની માતાના કાકીને આંક–૩૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે ભોગ બનનાર મારી ભત્રીજીની છોકરી થાય છે. બનાવ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ બનેલો. ભોગ બનનારની માતાના પિતા એટલે કે નાના મારા જેઠ થાય છે. તેમનુ ઘર મારા ઘરથી થોડેક દુર આવેલુ છે. તા.૩૦/૦૯/૨૫ ના રોજ રાત્રીના સમયે હું તથા મારો પુત્ર મારા ઘરમા સુતા હતા તે વખતે રાત્રીના નવ વાગ્યે રાજાભાઈ ડામોરે મારા ઘરનો દરવાજો ખખડાવેલો અને ખોલો ખોલો તેમ કહેલુ. જેથી મે મારા ઘરનો દરવાજો ખોલેલો અને જોયેલ તો રાજા ડામોર ભોગ બનનારને લઈને આવેલો હતો. તેણે અમારા ઘરમા આવીને તેની પત્નીની એટલે કે ભોગ બનનારની

માસીની શોધખોળ કરેલી. ત્યારબાદ ભોગ બનનારને લઈને જતો રહેલો.

(૧૬.૧૦) ફરિયાદ પક્ષના સાહેદો ફરિયાદી, ભોગ બનનારની માસીની જુબાનીની સાપેક્ષમાં આ સાહેદની જુબાનીને જોવામાં આવે તો આરોપી ફરિયાદીના ઘરેથી ભોગ બનનારને લઈને આ સાહેદના ઘરે આવેલ છે. ત્યાં તેની પત્નીની શોધખોળ કરેલી છે. આમ, આરોપી તથા ભોગ બનનારને એકસાથે આ સાહેદે જોયેલ હોવાનું મળી આવે છે.

ફરિયાદ પક્ષના આ મુજબના પુરાવાઓ જોતા તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે ૯–૦૦ વાગ્યે આરોપી ફરિયાદીના ઘરે આવેલો. ફરિયાદીના ઘરે ફરિયાદી, ભોગ બનનાર તથા ફરિયાદીની પુત્રી કે જે આરોપીની સાથે પત્ની તરીકે રહેતી હતી તેઓ હાજર હતા. આરોપીની ધમકીના કારણે ફરિયાદી નાસી ગયેલા. ફરિયાદીની હાજર પુત્રી ડરીને બાજુમાં આવેલ મકાઈના ખેતરમાં સંતાઈ ગયેલી. આરોપી ભોગ બનનારને લઈને ગયેલ તેમજ તેની પત્નીને શોધવા માટે સાહેદ નં.૫ ના ઘરે ગયેલા તે વખતે આરોપીની સાથે ભોગ બનનાર હાજર હતી તે બન્નેને આ સાહેદે જોયેલા છે.

(૧૬.૧૧) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે બનાવના મહત્વના સાહેદ છે. તેણીને સામાન્ય સવાલો પુછતા તેણી યોગ્ય રીતે ઉત્તરો આપતા હોવાથી તેની જુબાની લેવામાં આવેલી છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અમે ચાર ભાઈ–બહેન છીએ. જેમાં હું બીજા નંબરની છુ. હું મારા મામાના ઘરે રહીને અભ્યાસ કરુ છુ. હાલ હું ધોરણ–૦૫મા અભ્યાસ કરુ છુ. મને મારી જન્મ તારીખ યાદ નથી. આ બનાવ ગઈ નવરાત્રીના છેલ્લા દિવસે બનેલો. બનાવના દિવસે હું તથા મારા નાના ઘરે હતા. તે દિવસે મારી માસી મકાઈના ખેતરમાં સંતાઈ ગયેલી હતી. તે વખતે રાત્રીના આશરે નવ વાગ્યે હું અને મારા નાના ચાદર લેવા બીજા ઘરે જતા હતા તે વખતે મારા માસા રાજાભાઈ તથા તેની સાથે એક બીજો માણસ મોટર સાયકલ લઈને આવેલા અને મારા માસા રાજાભાઈએ મારા નાનાને ચપ્પુ બતાવેલુ અને ગળેથી પકડેલા અને પછી છોડી દીધેલ. ત્યારપછી મને મારા

માસાએ પકડીને ઘસડીને મારી માસી જે ખેતરમા સંતાઈ ગયેલ હતા તે ખેતરમાં લઈ ગયેલ અને ત્યાથી મને મોટર સાયકલ ઉપર બેસાડી જંગલ બાજુ લઈ ગયેલા ત્યા મને ગાલ ઉપર ઝાપટો મારેલી અને મારા કપડા કાઢી નાખેલા અને ત્યા પેશાબના ભાગે તથા જે જગ્યાએ સંડાસ આવે છે તે જગ્યાએ ખોટુ કામ કરેલુ. આ ખોટુ કામ મારા માસા રાજાભાઈએ કરેલુ. મારી સાથે ત્રણ વખત ખોટુ કામ કરેલુ.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે ત્યારબાદ મારા માસા મને મોટર સાયકલ ઉપર બેસાડી તેમના ઘરે ઝાલોદ તાલુકાના ગામમા લઈ ગયેલ. ત્યા જઈને મારા કપડા બદલાવેલા. ત્યારબાદ સવારના સમયે મને ઈકકો ગાડીમાં બેસાડી દીધેલ જેમા બેસીને હુ ઘુમણી ગામે આવેલી અને મારા નાના ઘરે ગયેલી. ત્યા મારા નાના તથા મારી માસી હાજર હતા. મે મારી માસીને બનાવની વાત કરેલી. ત્યારબાદ મને મારા નાના તથા માસી લીમખેડા પોલીસ સ્ટેશનમા લાવેલા. જ્યાં પોલીસે મારી પુછપરછ કરેલી. ત્યારબાદ મને લીમખેડા સરકારી દવાખાનામા લઈ ગયેલા. જયા ડોકટર સાહેબે મારી પુછપરછ કરેલી અને મે ડોકટર સાહેબને મારી સાથે બનેલ બનાવની હકીકત જણાવેલી અને મારી મેડીકલ તપાસ કરેલી. ત્યારબાદ મને દાહોદ ઝાયડસ હોસ્પીટલમા લઈ ગયેલા. જયા મેડમે મારી પુછપરછ કરેલી અને મારી શારીરીક તપાસ કરેલી. ત્યારબાદ મને વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલા. ત્યા મને એક માસ રાખી મારી સારવાર કરેલી અને મારુ ઓપરેશન પણ કરેલુ જેના કારણે હાલ સંડાસ પેટની જમણી તરફથી આવે છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ ભોગ બનનારની ઉલટતપાસ કરેલી છે જેમાં તેણીએ જણાવેલ છે કે આરોપી મારા માસા થાય છે. એ વાત ખરી છે કે હુ ગુમણી ગામે મારા નાનાના ઘરે રહી અભ્યાસ કરુ છુ. એ વાત ખરી છે કે આરોપી મારી માસીને શોધવા માટે આવેલો. એ વાત ખરી છે કે બનાવ સમયે રાત્રીના નવ વાગેલા હોવાથી અંધારુ થઈ ગયેલુ હતુ. એ વાત ખરી નથી કે મારી માસી ન મળવાના કારણે મારા માસા મને મોટર સાયકલમા બેસાડીને નવરાત્રીમાં લઈ ગયેલા. એ વાત ખરી નથી કે મોટર સાયકલ સ્લીપ ખાઈ જવાથી પડી જવાના કારણે મને ઈજાઓ થયેલી. એ વાત ખરી નથી કે

ડોકટર સાહેબે રુબરુ વિગતો મારા નાનાએ લખાવેલી. એ વાત ખરી નથી કે પોલીસ રુબરુ મારો જવાબ મારા નાનાએ લખાવેલો.

(૧૬.૧૨) ભોગ બનનારની જુબાનીની ઉપરોક્ત હકીકતો વંચાણે લેવામાં આવે તો બનાવના દિવસે રાત્રીના ૯–૦૦ વાગ્યે આરોપી ભોગ બનનારની માસીને શોધવા માટે ફરિયાદીના ઘરે આવેલ હોવાની હકીકતોને સજેશનના રુપમાં આરોપીએ સ્વીકાર કરેલો છે. ભોગ બનનારે તેઓની જુબાનીમાં ફરિયાદી તથા તેની માસીએ આપેલ જુબાનીની હકીકતોને સમર્થન કર્યું છે એટલે કે બનાવના દિવસે રાત્રીના આરોપી અને બીજો એક માણસ મોટરસાયકલ લઈને આવેલા. આરોપીએ તેના નાનાને ચપ્પુ બતાવેલ અને ગળેથી પકડેલા. ત્યારબાદ તેની માસી ખેતરમાં સંતાઈ ગયેલી અને તેણીને મોટરસાયકલ ઉપર બેસાડી જંગલ બાજુ લઈ ગયેલો.

આમ, ફરિયાદી તથા ભોગ બનનારની માસીએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ બનાવના દિવસે રાત્રીના આશરે 9–00 વાગ્યે આરોપી તેમના ઘરે આવેલો. તેમના ડરથી ફરિયાદી ચાલ્યા ગયેલા. ભોગ બનનારની માસી એટલે કે આરોપીની પત્ની આરોપીથી ડરીને મકાઈના ખેતરમાં સંતાઈ ગયેલી. આ તમામ હકીકતોને ભોગ બનનારની જુબાનીથી સ્પષ્ટપણે સમર્થન મળે છે.

ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી તેણીના માસા થાય છે. આરોપી મોટરસાયકલ ઉપર બેસાડી જંગલ બાજુ લઇ ગયેલ. ત્યા મને ગાલ ઉપર ઝાપટો મારેલી અને મારા કપડા કાઢી નાખેલા અને ત્યા પેશાબના ભાગે તથા જે જગ્યાએ સંડાસ આવે છે તે જગ્યાએ ખોટુ કામ કરેલુ. આ ખોટુ કામ મારી સાથે ત્રણ વખત કરેલુ.

ફરિયાદી તથા સાહેદ નં.૪ ભોગ બનનારની માસીની જુબાની જોવામાં આવે તો બીજા દિવસે સવારે આશરે આઠેક વાગ્યે ભોગ બનનાર રડતી રડતી ઘરે આવેલી અને ગભરાયેલી હતી તેમજ તેણીને પુછતા રડવા લાગેલ અને તેણીના કપડા કાઢીને જોયેલું તો ગુપ્તાંગના ભાગે તથા પાછળના ભાગે લોહી નીકળતું હતું. જેથી ભોગ બનનારને પુછતા આરોપીએ તેણીની સાથે દુષ્કર્મ કરેલાનું જણાવેલું.

(૧૬.૧૩) તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ આ ગુનાની ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે. તે જ દિવસે ભોગ બનનારને શારીરીક તપાસ માટે લીમખેડા સી.એચ.સી. માં લઈ જવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૪ તરીકે ડૉ. હિતેશભાઈ મોતીભાઈ ભરવાડને આંક-૫૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે હું લીમખેડા સી.એચ.સી.માં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. મે. એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલો છે. તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે પી.આઇ. લીમખેડા પોલીસ સ્ટેશનની યાદી સાથે ભોગ બનનારને વુ.પો.કો. નિમીષાબેન છત્રસિંહ, બ.ન ૩૯૯નાઓ મેડીકલ તપાસ માટે લઇને આવેલા. જે યાદી મે સ્વીકારેલી જે આજરોજ મારી સાથે લાવેલ છું જે રજુ કરુ છું જેને આંક-૬૦ આપવામાં આવે છે. તેણીની મેડીકલ તપાસ કરતા અગાઉ એમ.એલ.સી. કેસ નં.૭૮૦/૨૦૨૫ નો બનાવી તેણીની મેડીકલ તપાસ કરવામાં આવેલી અને તેણીની સંમતી લેવામા આવેલી જેમા તેણીએ તેના અંગુઠાનુ નિશાન લીધેલુ તેમજ તેણીની માસીની સહી તેમજ વુ.પો.કો. ની સહી લેવામા આવેલી જે સંમતી પત્ર આજરોજ મારી સાથે લાવેલ છું જે રજુ કરુ છુ જેને આંક-૬૧ આપવામા આવે છે.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તેણીને હીસ્ટ્રી બાબતે પુછતા તેણીએ જણાવેલ કે, ''હું ધોરણ-૦૫મા અભ્યાસ કરુ છુ. તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સાત વાગ્યે મારા માસા નામે રાજાભાઇ ડામોર મારા મામાના ઘરે ગુમણી ગામે આવીને બધા સાથે ઝગડો કર્યો હતો અને બધા ઘરેથી ભાગી ગયા હતા ત્યારે હુ ઘરે એકલી હતી મને મારા માસાએ ચાલ તારી માસી પાસે લઇ જઉ એમ કહી તેની સાથે બાઇક પર બેસાડીને લઇ ગયેલ. બાઇક પર અમે બે જણા હતા ત્યાથી થોડે દુર લઇ જઇ અંધારામા મકાઇના ખેતરમા લઇ ગયેલો અને આજુબાજુ કોઇ છે કે નહી તે જોઇને મારા કપડા જબરજસ્તીથી ઉતારીને મારી સાથે મારી મરજી વિરુદ્ધ જબરજસ્તીથી શારીરીક સબંધ બાંધ્યો હતો અને બે વખત બાંધેલો. તે પછી મને કપડા પહેરાવીને બાઇક પર બેસાડીને તેના ઘરે લઇ ગયો હતો અને ઘરે જઇને મારી પાસે પહેરેલ યુનિફોર્મ બદલાવી બીજા કપડા પહેરાવ્યા હતા અને

સ્કુલ યુનિફોર્મ સંતાડી દીધેલ અને સવારે સાત વાગ્યે જગાડીને મને ચા આપી હતી પછી થોડીવાર રહી મને બાઇક પર બેસાડીને લીમડી સુધી બાઇક ઉપર મુકવા આવેલ અને ત્યાથી લીમડી પહોચીને ઇકકો ગાડીમા બેસાડી હતી અને લગભગ સવારના દશ વાગ્યે ઘરે પહોંચી હતી. ઘરે જઇને આ ઘટના વિશે બધાને જણાવ્યુ હતુ. અમે ત્યાથી નિવૃત પી.એસ.આઇ. ના ઘરે જઇને આ ઘટનાની આપવીતી જણાવી હતી અને અમે ત્યાથી લીમખેડા પોલીસ સ્ટેશનમા ફરિયાદ કરવા ગયા હતા. ''

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તેણીની શારીરીક તપાસ કરતા તેણીના પલ્સ, બી.પી., રેશ્પીરિશન સામાન્ય હતા, કીકીઓ સામાન્ય હતી, શરીરનુ તાપમાન સામાન્ય હતુ. તેણી સભાન અવસ્થામા હતી. તેણી સમય, જગ્યા અને વ્યકિત ઓળખી શકે તેવી સ્થિતિમાં હતી. તેણીને માસીક આવવાની શરુઆત થયેલી ન હતી. તેણીએ છેલ્લુ સ્નાન તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ સવારમા લીધેલ હતુ. તેણીની સાથે છેલ્લો શરીર સબંધ એક દિવસ પહેલા બાંધેલ હતો. તેણીનો અવાજ જાડો અને ઘાટો અને કર્કશ હતો. તેણીના નીચેના હોઠ પર સોજો આવેલ હતો. તેણીના ગુપ્તાંગોની તપાસ કરતા બાહય ગુપ્તાંગો ઉપર ઇજાના નિશાન જોવા મળેલ હતા. તેણીના ગુપ્તાંગના બહારના ભાગે કપાયેલ જેવી (ટીચર) ઇજા હતી. તેણીના ગુપ્તાંગના અંદરના ભાગે(સર્વીકસ) કપાયેલ જેવી (ટીચર) ઇજા હતી. આ ઇજાઓ તાજી હતી એટલે કે ૨૪ કલાક અંદરના સમય દરમ્યાનની હતી. કોઇ નાની બાળકી સાથે બળપૂર્વક શરીર સબંધ બાંધવામા આવે તો ભોગ બનનારના ગુપ્તાંગ ઉપર જે ઇજાઓ હતી તેવી ઇજાઓ થઇ શકે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે ભોગ બનનારને મારી પાસે લાવવામા આવ્યા ત્યારે પોલીસ તથા તેણીની માસી સાથે આવેલા હતા. એ વાત ખરી નથી કે ભોગ બનનારને મારી પાસે લાવ્યા ત્યારે તેણી બેભાન અવસ્થામા હતી. એ વાત ખરી નથી કે બનાવની હીસ્ટ્રી ભોગ બનનારના માસીએ લખાવેલી.

(૧૬.૧૪) ભોગ બનનારને તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ ઝાયડસ હોસ્પિટલ, દાહોદ ખાતે ગાયનેક તપાસ માટે લઈ જવામાં આવેલા છે. ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૬ તરીકે ડૉ. આયુષી નારાયણભાઈ અરોરાને

આંક–૭૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે હું ઝાયડસ હોસ્પીટલ દાહોદ ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવુ છુ. મે એમ.એસ. સુધીનો અભ્યાસ કરેલો છે. તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતી ત્યારે ભોગ બનનારને સી.એચ.સી. લીમખેડાની રીફર નોટ સાથે વુ.પો.કો. નિમીષાબેન, બ.નં.૩૯૯ નાઓ લઈને આવેલા. મે તેણીની મેડીકલ તપાસ કરતા પહેલા સંમતી લીધેલી અને તે બદલ તેણીના અંગુઠાનુ નિશાન લીધેલુ તથા તેણીની માસીની સહી લેવામા આવેલી અને સાક્ષી તરીકે વુ.પો.કો. નિમીષાબેનની સહી લીધેલી.

આ સાહેદે વધુમાં જણાવેલ છે કે તેણીને હીસ્ટ્રી બાબતે પુછતા જણાવેલ કે, ''તા.૩૦–૦૯–૨૦૨૫ ના રોજ રાતના નવેક વાગ્યાના સુમારે આરોપી રાજાભાઈ ડામોર ભોગ બનનારને લઈને વડીયા ગામના જંગલ વિસ્તારમા લઈ ગયેલો અને ત્યાં આરોપીએ ભોગ બનનારને ગાલ ઉપર, પગ ઉપર તેમજ થાપાના ભાગે ઝાપટ મારેલી તે પછી તેણીની સંમતી વગર તેણીની સાથે જબરજસ્તીથી બે વખત દુષ્કર્મ કરેલ. ત્યારબાદ ભોગ બનનારને તેના ઘરે લઈ ગયેલ. ત્યા તેણીના કપડા બદલાવેલ. ત્યારબાદ બીજા દિવસે તા.૦૧–૧૦–૨૫ ના રોજ સવારે નવ વાગ્યે ભોગ બનનારને તેના ઘરે જવા માટે બેસાડેલ. ભોગબનનારે તેણીના ઘરે જઈને તેણીની માસીને બનાવની વાત કરેલી જેથી તેણીને લઈને પોલીસ સ્ટેશન આવેલા. ''

આ સાહેદે વધુમાં જણાવેલ છે કે તેણીની તપાસ કરતા તેણી ૧૦ વર્ષની અપરણીત હતી. તેણીને માસીક આવવાની શરુઆત થયેલી ન હતી. તેણીનો યોની ભાગ તેમજ તેમજ ગુદાનો મ્યુકોઝા સહીતનો સંપૂર્ણ ભાગ ફાટી ગયેલો હતો.

વધુમાં જણાવેલ છે કે તેણીના શરીરમાંથી વજાઈનલ સ્વેબ, વજાઈનલ સ્મીયર, યુરેથ્રલ સ્વેબ, યુરેથ્રલ સ્મીયર, સર્વાઈકલ સ્વેબ,સ્મીયર ના નમુના લઈ સીલપેક કરી એફ.એસ.એલ. તપાસ માટે પોલીસને આપવામા આવેલા. ભોગ બનનારની સર્જરી કરવામા આવેલી તથા ગુપ્તાંગો ફાટેલા હતા તેને જોડવામા આવેલા તેમજ છતા તેનુ મળ યોનિ માર્ગમાથી નીકળતુ હતુ તેથી વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે રીફર

કરવામા આવેલ. મારા અભિપ્રાય મુજબ નાની વયની બાળકીની સાથે બળપૂર્વક શરીર સબંધ બાંધવામા આવે તો ભોગ બનનારના ગુપ્ત ભાગ ઉપર જે ઇજાઓ હતી તેવી ઇજાઓ થઇ શકે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે ભોગ બનનારની સાથે પોલીસ તેમજ તેણીની માસી હોસ્પીટલમા આવેલા. એ વાત ખરી નથી કે ભોગ બનનાર મારી પાસે આવ્યા ત્યારે બેભાન અવસ્થામા હતા. એ વાત ખરી છે કે હીસ્ટ્રી ભોગ બનનારના માસીએ લખાવેલી.

(૧૬.૧૫) ઉપરોક્ત બન્ને મેડીકલ ઓફિસરશ્રીઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારને તેમની પાસે લાવવામાં આવ્યા ત્યારે તેણી સભાન અવસ્થામાં હતી. તેણીએ બનાવની હકીકત ડૉક્ટરને જણાવી છે તે મુજબ લખી લીધેલી છે. મેડીકલ ઓફિસરશ્રીને જે બનાવની હકીકતો જણાવી તે મુજબનો બનાવ બન્યાનું ફરિયાદ પક્ષના સાહેદો તેમજ ભોગ બનનારની જુબાનીથી મળી આવે છે. આમ, મેડીકલ ઓફિસરશ્રીઓ રુબરુ આપવામાં આવેલ હિસ્ટ્રીથી બનાવની હકીકતને સમર્થન મળે છે.

ભોગ બનનારની શારીરીક તપાસ કરવામાં આવી ત્યારે તેણીના બાહ્ય ગુપ્તાંગોમાં ઈજાના નિશાન મળી આવેલા છે તેમજ સાહેદ નં.૧૬ ના જણાવ્યા મુજબ તેણીનો યોનિ ભાગ તેમજ ગુદાનો મ્યુકોઝા સહીતનો સંપૂર્ણ ભાગ ફાટી ગયેલો હતો. આમ, તેણીના ગુપ્તાંગ ઉપર ગંભીર પ્રકારની ઈજાઓ મળી આવી છે. બન્ને સાહેદોએ અભિપ્રાય રુપમાં જણાવેલ છે કે નાની વયની બાળકીની સાથે બળપૂર્વક શરીર સબંધ બાંધવામા આવે તો ભોગ બનનારના ગુપ્ત ભાગ ઉપર જે ઇજાઓ હતી તેવી ઇજાઓ થઇ શકે.

ભોગ બનનારની જુબાનીની હકીકતોને મેડીકલ ઓફિસરશ્રીઓના અભિપ્રાયની સાપેક્ષમાં જોવામાં આવે તો બનાવ બન્યાની હકીકતને સ્પષ્ટપણે સમર્થન મળે છે.

(૧૬.૧૬) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૭ તરીકે ડૉ. ધ્વનિ સોહમ શાહને આંક-૯૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે હું સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આસીસ્ટન્ટ

પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ પીડીયાટ્રીક સર્જરી તરીકે ફરજ બજાવુ છુ. મે એમ.બી.બી.એસ., એમ.એસ., એમ.સી.એચ. સુધીનો અભ્યાસ કરેલો છે. તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતી ત્યારે ભોગ બનનારને ઝાયડસ હોસ્પિટલ દાહોદની રીફર નોટથી સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ગાયનેકોલોજી વિભાગમા લાવવામા આવેલા. જયાથી અમારી તરફ રીફર કરવામા આવેલા. ભોગ બનનારની શારીરીક તપાસ એનેસ્થેસીયા આપી બેભાન કરી કરવામા આવેલી. આ શારીરીક તપાસ દરમ્યાન મારી સાથે ગાયનેકોલોજીસ્ટ ડૉ. ભાર્ગવી હાજર હતા. ભોગ બનનારને યોનિ માર્ગમાથી સંડાસ પસાર થતુ હતુ. ભોગ બનનારના યોનિ માર્ગ અને ગુદામાર્ગ વચ્ચેનો ભાગ (પેરીનીયલ ટેર) ચીરાય ગયેલો હતો. આ ઈજાને ગ્રેડ ચારની ઈજા કહેવામા આવે છે. ગ્રેડ ચારનો અર્થ સૌથી ગંભીર પ્રકારની ઈજા કહેવાય છે. ભોગ બનનારને અગાઉના ડૉક્ટર દ્વારા ટાંકા લેવામા આવેલ હતા તે પૈકીના યોનીમાર્ગમાં લેવામા આવેલા ટાંકા સારા હતા જયારે બીજા બધા ટાંકા ખુલી ગયેલા હતા. આ જગ્યાએથી વધુ પ્રમાણમા લોહી વહેતુ ન હતુ. ભોગ બનનારના સર્વીક્સ (યોનિની અંદરનો ભાગ) બરાબર હતો. અન્ય કોઈ ઈજા ન હતી. ભોગ બનનારના જમણા ગાલ ઉપર કાળા તલનુ નિશાન હતુ. ત્યારબાદ ભોગ બનનારના ગુદામાર્ગની સફાઈ કરવામા આવેલી તથા ભોગ બનનારનુ સંડાસ પેટના ભાગેથી પસાર થાય તે માટે પેટના ભાગે ઓપરેશન કરી જગ્યા કરવામા આવેલ. ભોગ બનનારને અમારી હોસ્પિટલમાંથી તા.૧૭/૧૦/૨૫ ના રોજ સાંજના કલાક ૭–૩૦ વાગ્યે રજા આપવામા આવેલી.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ ભોગ બનનારને ફરીથી અમારી હોસ્પિટલમાં લાવવામા આવેલા. તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ પેરીનીયલ બોડી રીકન્સ્ટ્રકશન એન્ડ એનોપ્લાસ્ટી કરવામા આવેલી. (યોનિમાર્ગ અને ગુદામાર્ગની વચ્ચે ટાંકા લઈ પુન: સ્થાપીત કરેલ.) ત્યારબાદ પાંચમા દિવસે એક બે ટાંકા ખુલી ગયેલા હોવાથી ફરીથી એનેસ્થેસીયા આપી ફરીથી ટાંકા લેવામા આવેલા. ત્યારબાદ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ભોગ બનનારને અમારી હોસ્પિટલમાંથી રજા આપવામા આવેલી. મારા અભિપ્રાય મુજબ કોઈ સગીર બાળકી સાથે

બળપૂર્વક જાતિય સબંધ બાંધવામા આવે તો ભોગ બનનારના ગુપ્ત ભાગો ઉપર જે ઈજાઓ હતી તેવી ઈજાઓ થઇ શકે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે એ વાત ખરી છે કે ભોગ બનનારની શરુઆતની સારવાર ઝાયડસ હોસ્પિટલ દાહોદમા લેવામા આવેલી હતી. એ વાત ખરી છે કે ભોગ બનનારની ઈજા તાજી હતી કે જુની હતી તેવી નોંધ અમારા કેસ પેપર્સમા કરવામા આવેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ભોગ બનનારને ટાંકા લીધેલા હતા તેમાના કેટલાક ટાંકા તુટી ગયેલા હતા તેવી નોંધ કરેલ છે. એ વાત ખરી નથી કે ભોગ બનનારે મારી રુબરુ હિસ્ટ્રી લખાવેલી નથી.

આ સાહેદની જુબાની જોવામાં આવે તો પણ ભોગ બનનારને વધુ સારવાર માટે સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લઈ જવામાં આવેલા છે. આ સાહેદના જણાવ્યા મુજબ ભોગ બનનારના યોનિ માર્ગ અને ગુદામાર્ગ વચ્ચેનો ભાગ (પેરીનીયલ ટેર) ચીરાય ગયેલો હતો. એટલે કે ગ્રેડ ચારની ઈજા મળી આવેલી છે જેનો અર્થ સૌથી ગંભીર પ્રકારની ઈજા કહેવામાં આવે છે. વધુમાં આ સાહેદના પણ અભિપ્રાય મુજબ કોઈ સગીર બાળકી સાથે બળપૂર્વક જાતિય સબંધ બાંધવામા આવે તો ભોગ બનનારના ગુપ્ત ભાગો ઉપર જે ઈજાઓ હતી તેવી ઈજાઓ થઇ શકે. ભોગ બનનારના ગુપ્તાંગો ઉપર જે ઈજાઓ હતી તે તાજી ઈજાઓ હતી. ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ ના જણાવ્યા મુજબ આ ઈજાઓ તાજી હતી એટલે કે ૨૪ કલાકના અંદરના સમય દરમ્યાનની હતી.

આમ, બનાવની હકીકતોને ઈજાના સમયની સાપેક્ષમાં જોવામાં આવે તો પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે.

(૧૬.૧૭) ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ ડૉ. હિતેશભાઈ મોતીભાઈ ભરવાડે વધુમાં જણાવેલું છે કે તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે બપોરના ૨–૦૦ વાગ્યે આરોપી રાજાભાઇ નિમેશભાઇ ડામોરને પી.આઇ. લીમખેડા પોલીસ સ્ટેશનની યાદી સાથે હે.કો. અર્જુનસિંહ પ્રભાતસિંહ, બ.ન.૧૨૦૩નાઓ મેડીકલ તપાસ માટે લઇને આવેલા.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તેની શારીરીક તપાસ કરતા

શરીરનુ બંધારણ સામાન્ય હતુ. તેના શિશ્ન ઉપર ઉઝરડાની ઈજા હતી. આ ઈજા ૨૪ કલાકની અંદરની હતી. આ સાહેદે અભિપ્રાયના રુપમાં જણાવેલ છે કે કોઈ નાની બાળકી સાથે બળપૂર્વક શરીર સબંધ બાંધવામા આવે તો આરોપીના શિશ્ન ઉપર ઉઝરડાની ઈજા હતી તેવી ઈજા થઈ શકે.

આમ, આરોપીના શિશ્ન ઉપર ઈજા મળી આવી છે. આ ઈજા પણ ૨૪ કલાકની અંદરની હતી એટલે કે આ ઈજા તાજી હતી તેમજ ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ બનાવ સમય દરમ્યાનની હતી. નાની બાળકી સાથે બળપૂર્વક શરીર સબંધ બાંધવામા આવે તો થઈ શકે તેવા પ્રકારની ઈજા છે. આ ઈજા સંબંધે બચાવ પક્ષ તરફથી કોઈ ખુલાસો કરવામાં આવેલો નથી. આવો ખુલાસો કરવાની જવાબદારી બચાવ પક્ષની છે. અને તે સંજોગોમાં પણ આરોપીના શિશ્ન ઉપર જે ઈજાઓ મળી આવી છે તે ઈજાથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સ્પષ્ટપણે સમર્થન મળે છે.

(૧૬.૧૮) મેડીકલ ઓફિસરશ્રીએ ભોગ બનનાર તથા આરોપીની શારીરીક તપાસ દરમ્યાન લોહીના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફથી આંક-૧૧૬ થી એફ.એસ.એલ. વડોદરાનો પૃથ્થકરણનો રીપોર્ટ રજુ કરેલ છે. જેને વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારના રુધિરનું જુથ "એ" હોવાનું તેમજ આરોપીના રુધિરનું જુથ "બી" હોવાનું મળી આવ્યું છે.

(૧૬.૧૯) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૩ તરીકે રાહુલભાઈ ભલાભાઈ પટેલને આંક-૧૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે હું લીમખેડા મામલતદાર કચેરીમા કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ. તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે મામલતદાર સાહેબ લીમખેડાના લેખીત હુકમથી લીમખેડા પોલીસ સ્ટેશનમાં પંચમા રહેવા માટે ગયેલો. મારી સાથે બીજા પંચ સંજયકુમાર લાલચંદભાઈ ડામોર હાજર હતા. પોલીસ સ્ટેશનમા એક ઈસમ હાજર હતો. તેણે અમો પંચો રુબરુ પોતાનુ નામ રાજાભાઈ ઉર્ફે રાજેશ મિનેશભાઈ ડામોરના હોવાનું જણાવેલુ.

વધુમાં આ સાહેદ જણાવે છે કે આરોપીએ ગુનાની કબુલાત

કરેલી તેમજ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરવા માંગતા હોય પોલીસની ગાડીમાં બેસી અમો પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફ સાથે લીમખેડા પોલીસ સ્ટેશનથી સરકારી ગાડીમાં બેસી ઝાલોદ રોડ થઇ દુધીયા ગુમણી થઇ ઝાલોદ બાયપાસ મુવાડા ચોકડી થઈ સુખસર તરફ થઈ આગળ જેતપુર ગામે ગયેલા. ત્યા ડાબી તરફ કાચા રસ્તે થઈ થોડે આગળ ગાડી ઉભી રખાવેલી અને ત્યાથી નીચે ઉતરી ચાલતા ચાલતા એક રહેણાંક મકાન આગળ આવીને ઉભા રહેલા. ત્યાં એફ.એસ.એલ. અધિકારી સ્થળ પર આવેલા અને એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં તથા અમારી હાજરીમા આરોપીએ આ મકાન પોતાનુ હોવાનુ જણાવેલુ. જે કાચી માટીથી લીપણવાળુ સીમેન્ટના પતરાવાળુ મકાન હતુ. જેમા ભોંયતળીયે લીપણ કરેલ હતુ અને ઘરમાં ઘરવખરીનો સમાન હતો તેમજ નજીકમા એક પીળા કલરનો શર્ટ તથા ગોદડા મુકવાનુ ડામચીયુ બનાવેલુ હતુ. ત્યા એક જીન્સનુ પેન્ટ તથા એક પીળા રંગનુ ગોદડુ પડેલુ હતુ. આ કપડા પોતાના હોવાનુ જણાવેલુ તેમજ આ ગોદડી પાથરી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરેલ હોવાની હકીકત જણાવેલી. ત્યારબાદ આ મકાનના અંદરના રુમમા નાંખેલ કપડા બતાવેલા. જે જોતા એક નેવી બ્લ્યુ કલરની લેગીંસ અને બ્લ્યુ, ગ્રે તથા કાળા કલરની અંડરવેચર હતી તથા એક સફેદ કલરનો ચડ્ડો હતો. આ કપડા એફ.એસ.એલ. અધિકારીશ્રીએ કબજે કરેલ હોવાનું અને ઘર આગળ એક કાળા કલરની હીરો સ્પ્લેન્ડર બાઇક પડેલ હતી જે પંચનામાની વિગતે કબજે કરેલી. આ સાહેદે મુદ્દામાલમાંથી બતાવવામાં આવેલ કપડા ઓળખી બતાવેલ છે.

(૧૬.૨૦) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨૧ તરીકે સિદ્ધરાજસિંહ જયદેવસિહ રણાને આંક–૧૧૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે લીમખેડા પોલીસ સ્ટેશનના પી.આઈ.ના ચાર્જમાં હતા. તેઓને આ ગુનાની તપાસ મળતા સંભાળી લઈ જરુરી તપાસ કરેલી છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ત્યારબાદ આરોપી પોલીસ કસ્ટડીમા હતા તે દરમ્યાન તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ તેની સ્વખુશીથી કંઇક કહેવા અને બતાવવા માંગતો હોય બે સરકારી પંચો ફાળવવા મામલતદાર કચેરી લીમખેડાનાઓને યાદી કરેલી. ત્યારબાદ પંચો ફાળવી આપતા પંચોને ગુન્હાની હકીકતથી વાકેફ કરતા તેઓએ સ્વખુશી દર્શાવેલી. તેમજ એક

ખાનગી વિડીયોગ્રાફરને બોલવવામા આવેલ. ત્યારબાદ અમો પોલીસના માણસો, બે સરકારી પંચોને સાથે રાખી સરકારી ગાડીમા બેસી આરોપીના બતાવ્યા મુજબ લીમખેડા પોલીસ સ્ટેશનથી રવાના થઇ દુધીયા પસાર કરી કુલપરી પસાર કરી ઝાલોદ બાયપાસ કરી સુખસરવાળા રોડે થી જેતપુર ગામે તેના ઘરથી થોડે દુર ડ્રાઈવરને ગાડી ઉભી રાખવાનુ કહેતા ડ્રાઈવરે ગાડી ઉભી રાખેલ. ત્યારબાદ આરોપીએ નીચે ઉતરી હાથના ઈશારે જણાવેલ કે સામે આવેલ તે મારુ ઘર છે. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીને ટેલીફોનીક સંપર્ક કરતા તેઓ રસ્તામા હોય જેથી તેઓની રાહ જોઇ એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર પધારતા તેમને સાથે રાખી પંચનામુ કરતા આરોપીએ પોતાનુ ઘર બતાવેલ તે ઘરમાથી બનાવ સમયે તેને પહેરેલા કપડા તેમજ તેના ઘરથી નજીકમા કાચા તુટી ગયેલા મકાનમાથી ભોગ બનનારના કપડા બતાવેલ હોય તેમજ બનાવ સમયે ઉપયોગમા લીધેલ બાઇક ઘરની સામે બતાવેલ હોય જે તમામ પંચનામાની વિગતે તપાસના કામે કબજે કરવામા આવેલ તેમજ એફ.એસ.એલ. અધિકારી સાહેબનો પરીક્ષણ કર્યા બાદ રીપોર્ટ લેવામા આવેલ. મને આંક-૧૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તેમા બે પંચોની તથા રુબરુ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું.

(૧૬.૨૧) ઉપરોક્ત બન્ને સાહેદોની જુબાનીઓ જોવામાં આવે તો બનાવ સમયે આરોપીએ તથા ભોગ બનનારે પહેરેલ કપડા આરોપીએ શોધી બતાવેલા છે. જે કપડા કબજે કરી પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલા છે. ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ મારા માસા મને મોટરસાયકલ ઉપર બેસાડી તેમના ઘરે ઝાલોદ તાલુકાના ગામમા લઈ ગયેલ, ત્યાં જઈને મારા કપડા બદલાવેલા.

આમ, આરોપીએ બનાવ બાદ ભોગ બનનારના કપડા બદલાવેલ હોવાની હકીકતને ભોગ બનનારની જુબાનીથી સમર્થન મળે છે તેમજ ઉપરોક્ત બન્ને સાહેદોના જણાવ્યા મુજબ આરોપીએ પોલીસ કસ્ટડી દરમ્યાન બનાવ સમયે તેઓએ પહેરેલ કપડા તેમજ ભોગ બનનારના કપડા શોધી બતાવેલા છે જેને પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા મોકલી આપવામાં આવેલા છે.

(૧૬.૨૨) ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ આંક–૧૧૬ નો એફ.એસ.એલ. વડોદરાનો પૃથ્થકરણનો રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો આરોપીના શર્ટના આગળ તથા નીચેના ભાગ ઉપરથી "એ" જુથના માનવ રુધિરની હાજરી મળી આવી છે તેમજ બાયના તથા અન્ય ભાગે "બી" જુથના માનવ રુધિરની હાજરી મળી આવી છે. તેમજ આરોપીના પેન્ટ ઉપર "બી" જુથના માનવ રુધિરની હાજરી મળી આવી છે જ્યારે આરોપીના ચડ્ડાના આગળ તથા સાઈડે "એ" જુથના માનવ રુધિરની હાજરી તથા વચ્ચે તથા પાછળના ભાગે "બી" જુથના માનવ રુધિરની હાજરી મળી આવી છે. તે જ રીતે ભોગ બનનારના ફ્રોક, લેગીંસ, ચડ્ડી ઉપર "એ" જુથના માનવ રુધિરની હાજરી મળી આવી છે. આરોપીએ જે ગોદડી ઉપર દુષ્કર્મ કરેલાનું જણાવી શોધી બતાવેલ છે તે ગોદડી ઉપર રુધિરની હાજરી મળી આવે છે પરંતુ રુધિર થોડો પ્રમાણમાં હોવાથી તેનું જુથ નક્કી થઈ શકેલ નથી.

(૧૬.૨૩) ભોગ બનનારની જુબાની જોવામાં આવે તો આરોપીએ તેણીની સાથે દુષ્કર્મ કરી તેને મોટરસાયકલ ઉપર બેસાડી તેના ઘરે લઈ ગયેલ. ત.ક.અમલદારશ્રીએ પંચનામાની વિગતે મોટરસાયકલ કબજે કરી તેની શીટ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા મુકામે મોકલી આપવામાં આવેલ છે. જે જોવામાં આવે તો આ મોટરસાયકલની શીટ ઉપર "એ" તથા "બી" જુથના મિશ્રિત માનવ રુધિરની હાજરી મળી આવેલી છે.

(૧૬.૨૪) મેડીકલ ઓફિસરશ્રીએ ભોગ બનનારની શારીરીક તપાસ દરમ્યાન ભોગ બનનારના શરીર ઉપરથી નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા ખાતે મોકલી આપેલ છે જેનો આંક–૧૧૬ નો અહેવાલ વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારના ગુપ્ત ભાગો અથવા તો કપડા ઉપર વીર્યની હાજરી મળી આવેલી નથી. પરંતુ બળાત્કાર થતા જાતિય પ્રવેશની વ્યાખ્યા જોવામાં આવે તો વીર્ય સ્ખલન થવું તેવી કોઈ પૂર્વ શરત નથી અને તે સંજોગોમાં તે કારણસર આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ નથી તેવું માની શકાય નહી.

(૧૬.૨૫) ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોક્ત વૈજ્ઞાનિક

પુરાવાઓને લક્ષમાં લેવામાં આવે તો આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ કરવાના કારણે ભોગ બનનારના યોનિ તથા ગુદાનો ભાગ ફાટી ગયેલ છે જેના કારણે રક્તસ્ત્રાવ થયેલ છે. ભોગ બનનારના રુધિરનું જુથ "એ" હોવાનું મળી આવેલું છે. ભોગ બનનારના કપડા તેમજ મોટરસાયકલની શીટ ઉપર ભોગ બનનારના રુધિરના જુથની હાજરી મળી આવે છે તે જોતા પણ ભોગ બનનાર સાથેના બનાવની હકીકતોને સમર્થન મળે છે. તેટલું જ માત્ર નહી આરોપીના શર્ટ ઉપર તેમજ ચડ્ડા ઉપર "એ" જુથના માનવરુધિરની હાજરી મળી આવે છે તે જોતા પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે. આમ, ફરિયાદ પક્ષના ઉપરોક્ત મૌખિક પુરાવાઓને રજુ કરવામાં આવેલ વૈજ્ઞાનિક પુરાવાઓથી પણ સ્પષ્ટપણે સમર્થન મળે છે.

(૧૬.૨૬) ભોગ બનનારનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ મુજબ એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, લીમખેડા સમક્ષ નિવેદન નોંધવામાં આવેલું છે. ફરિયાદ પક્ષ તરફથી આંક-૧૫ થી આ નિવેદન રજુ કરવામાં આવેલું છે જેમાં ભોગ બનનારે વિ.એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી રુબરુ એવી હકીકત લખાવેલી છે કે," બનાવના દિવસે છેલ્લો ગરબો હતો. હું બનાવના દિવસે મારા મામાના ઘરે હતી ત્યારે રાત્રીના નવ વાગ્યે મારા માસા રાજા માસા મારા મામાના ઘરે આવેલા અને મારા પપ્પા અને મારા માસીને ચપ્પુ બતાવેલું અને મારા પપ્પાને ગળુ પકડેલું. મારા પપ્પા એટલે મારા નાના પપ્પા(મારા મમ્મીના પિતા) અને મને પકડી બાઈક ઉપર લઈ ગયેલ. મને બાઈક ઉપર જંગલમાં લઈ ગયેલ અને મારી સાથે ગંદુકામ કરેલ અને ગાલ ઉપર મારેલ અને પછી તેના ઘરે લઈ ગયેલ અને ત્યાં પણ ગંદુકામ કરેલું. અને પછી હું સવારે ઉઠી તો કપડા બદલાવી મને લીમડી બાઈક ઉપર લઈ ગયેલ અને ત્યાંથી ઈક્કોમાં બેસાડી દીધેલ. ઈક્કોવાળાએ મને ગુમણી ગામે ઉતારી દીધેલ અને ઘરે આવી મે મારા માસી અને મારા નાના પપ્પાને બનાવની વાત કરેલી. પછી અમે પો.સ્ટે. આવેલા અને ત્યાંથી અમે દવાખાને ગયેલા. મને લોહી નીકળતું હોય તેથી અમો દવાખાને ગયેલા. આ સિવાય બીજું કાંઈ બનેલ નહી."

ભોગ બનનારના વિ.એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, લીમખેડા

સમક્ષના ઉપરોક્ત નિવેદનથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સ્પષ્ટપણે સમર્થન મળે છે.

(૧૬.૨૭) ફરિયાદ પક્ષના સાહેદોની જુબાનીથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે તેમજ ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો તેણીએ ત.ક.અમલદાર સમક્ષ આપેલ નિવેદન, મેડીકલ ઓફિસરશ્રીઓ સમક્ષ આપેલ હિસ્ટ્રી, એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી, લીમખેડા સમક્ષ આપેલ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તેમજ આ અદાલત સમક્ષ આપેલ જુબાનીની વિગતો જોવામાં આવે તો આ તમામ નિવેદનોમાં ભોગ બનનારે બનાવની હકીકતોને સ્પષ્ટપણે જણાવી છે. આમ, ભોગ બનનારનો પુરાવો સાતત્યપૂર્વકનો હોવાનું મળી આવે છે. બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તેનાથી વિરુદ્ધની કોઈ હકીકત મળી આવતી નથી.

(૧૬.૨૮) બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ તેઓના બચાવમાં એવી રજુઆત કરેલી છે કે, ભોગ બનનારને મોટરસાયકલ ઉપર લઈને જતા હતા ત્યારે અકસ્માત થવાથી ઝાડી ઝાખરામાં (કાંટાવાળી ઝાડીમા) પડી જવાના કારણે ઈજાઓ થયેલી છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ તેઓના આ બચાવ મેડીકલ ઓફિસરશ્રીની જુબાની દરમ્યાન મુકવાનો પ્રયત્ન કરેલો છે. પરંતુ ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૪ ડૉ. હિતેષભાઈ મોતીભાઈ ભરવાડનાએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં એવું જણાવેલું છે કે એ વાત ખરી નથી કે ભોગ બનનારને જે ઈજાઓ હતી તેવી ઈજાઓ કોઈ વ્યક્તિ ઝાડી ઝાખરામાં પડી જાય તો થઈ શકે તેવા પ્રકારની હતી. તેમજ ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૬ ડૉ. આયુષી નારાયણભાઈ અરોરાનાએ પણ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં એવું જણાવેલું છે કે એ વાત ખરી નથી કે ભોગ બનનારના ગુપ્ત ભાગે જે ઈજાઓ હતી તેવી ઈજાઓ કોઈ વ્યક્તિ મોટરસાયકલ ઉપર જતી હોય અને ઝાડી ઝાખરામાં પડી જાય તો થઈ શકે. તેમજ ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૭ ડૉ. ધ્વનિ સોહમભાઈ શાહનાએ પણ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં એવું જણાવેલું છે કે એ વાત ખરી નથી કે કોઈ વ્યક્તિ

મોટરસાયકલ ઉપર જતી હોય અને ઝાડી ઝાખરામાં પડી જાય તો ભોગ બનનારને જેવી ઈજા હતી તેવી ઈજા થઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે શરીરના બીજા ભાગ ઉપર ઈજા થવાની શક્યતા છે.

આમ, બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ ભોગ બનનાર જે મોટરસાયકલ ઉપર બેઠેલા હતા તેને અકસ્માત થવાથી ઝાડી ઝાખરામાં પડી જવાથી ભોગ બનનારના ગુપ્ત ભાગે ઈજા થયેલાનું જણાવે છે તે હકીકતને કોઈપણ સાહેદની જુબાનીથી સમર્થન મળતું નથી. તેટલું જ માત્ર નહી તમામ નિષ્ણાંત સાહેદોએ આ મુજબની ઈજા થઈ શકવાની સંભાવવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે. તે સંજોગોમાં બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ તેમના બચાવમાં જણાવ્યા મુજબની હકીકત માની શકાય તેમ નથી.

(૧૬.૨૯) ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલ પુરાવાઓની ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિગતે તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ આરોપીએ ભોગ બનનારનું તેના નાનાના ઘરેથી અપહરણ કરી લઈ જઈ તેણીની સાથે એક થી વધુ વખત દુષ્કર્મ કરી ભોગ બનનારના ગુપ્ત ભાગો ઉપર ખુબ જ ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૧૬.૩૦) ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૩ ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Bharatiya Nyaya Sanhita, Section-63- Rape:-** A man is said to commit "rape" if he-

(a) penetrates his penis, to any extent,into the vagina, mouthm urethra or anus of a woman or makes her to do so with him or any person, or

(b) inserts, to any extentm any object or a part of the body, not being the penis, into the vagina, the urethra of anus of a woman or makes her to do so with him or any other person, or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person, or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person, other person,

under the circumstances falling under any of the following seven descriptions-

(i) ...

(ii) ...

(iii) ...

(iv) ...

(v) ...

(vi) with or without her consent, when she is under eighteen years of age,

(vii) ...

➢ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪ ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Bharatiya Nyaya Sanhita, Section-64- Punishment for rape.**

(1) Whoever, ...

(2) Whoever, ...

(a) ...
(b) ...
(c) ...
(d) ...
(e) ...
(f) ...
(g) ...
(h) ...
(i) ...
(j) ...
(k) ...
(l) while committing rape causes grievous bodily harm or maims or disfigures or endangers the life of a woman: or
(m) commits rape repeatedly on the same woman.

commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend in imprisonment for

➢ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫ ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Bharatiya Nyaya Sanhita, Section-65- Punishment for rape in certain cases.**

(1) Whoever, commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend in imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine:

(૧૬.૩૧) ધી પોક્સો એક્ટની કલમ–૩ ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૩. પ્રવેશ જાતિય હુમલોઃ–**

કોઈપણ વ્યક્તિએ નીચેના સંજોગોમાં "પ્રવેશ જાતિય હુમલો" કર્યો છે તેવું કહેવામાં આવશે.

(એ) પોતાનું લીંગ કોઈપણ સીમાં સુધી કોઈ બાળકના યોનિમાર્ગ, મોઢામાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં પ્રવેશ કરાવે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કોઈ કૃત્ય કરાવે, અથવા

(બી) કોઈ વસ્તુ અથવા શરીરના કોઈપણ ભાગને કે જે લીંગ નથી તેને કોઈપણ સીમા સુધી બાળકની યોનિ, મુત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કોઈ કૃત્ય કરાવે, અથવા

(સી) કોઈ બાળકના શરીરના કોઈપણ અંગ સાથે હસ્તક્રિયા કરે કે જેનાથી તે બાળકની યોનિ, મુત્રમાર્ગ અથવા ગુદા અથવા શરીરના કોઈપણ ભાગમાં પ્રવેશ કરી શકે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કોઈ કૃત્ય કરાવે, અથવા

(ડી) બાળકના લીંગ, યોનિ, ગુદા અથવા મુત્રમાર્ગ ઉપર પોતાનું મોઢું લગાવે અથવા બાળકને એવી વ્યક્તિ સાથે કે અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કરાવે.

ધી પોક્સો એક્ટની કલમ–૫ ની સંબંધકર્તા જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૫. ગંભીર પ્રવેશ જાતિય હુમલોઃ–**

(એ) જો કોઈ વ્યક્તિ પોલીસ અધિકારી હોય અને તે કોઈ બાળક ઉપર –

(૧) પોલીસ સ્ટેશન અથવા કોઈ એવા

પરીસરમાં(પ્રિમાઈસીસ)માં જ્યાં તેની નિમણુંક થયેલ હોય તેની ક્ષેત્રમર્યાદામાં અથવા,

(૨) કોઈ પોલીસ સ્ટેશનના પરિસરમાં કે જે પોલીસ સ્ટેશનની હદ મર્યાદામાં હોય કે ન હોય, જ્યાં તેની નિમણુંક થયેલ હોય અથવા,

(૩) પોતાની ફરજ દરમ્યાન કે અન્યથા અથવા,

(૪) જ્યાં આવી વ્યક્તિ પોલીસ અધિકારી તરીકે જાણીતી હોય અથવા ઓળખાતી હોય તેવી કોઈ જગ્યાએ
પ્રવેશ જાતિય હુમલો કરે અથવા,

(બી) ...

(સી) ...

(ડી) ...

(ઈ) ...

(એફ) ...

(જી) ...

(એચ)...

(એલ) જે કોઈ, કોઈ બાળક ઉપર એકથી વધુ વખત અથવા વારંવાર પ્રવેશ જાતિય હુમલો કરે અથવા

(૧૬.૩૨) આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨) ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Bharatiya Nyaya Sanhita, Section-137(b) :-**

(b) Whoever takes of entices any child or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such child or person of unsound mind, without the consent of such guardianm is said to kidnap such child or person from lawful guardianship.

ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૭ ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Bharatiya Nyaya Sanhita, Section-87 :- Kidnappingm abducting or inducing woman to compel her marriage, etc,**

Whoever kidnaps or abducts any woman with intent

that she may be compelledm or knowing it to be likely that she will be compelledm to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercoursem or knowing it to be likely that she will be forced or seduced to illicit intercoursem shall be punished with imprisonment of either description for a term which may extend to ten yearsm and shall also be liable to fine, and whoeverm by means of criminal intimidation as defined in this Sanhita or of abuse of authority or any other method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall also be punishable as aforesaid.

(૧૬.૩૩) ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલ ઉપરોક્ત પુરાવાઓની સાપેક્ષમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદાઓ તેમજ જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતેના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૨૯ તથા ૩૦ ના અનુમાનને લક્ષમાં લેવામાં આવે તો ભોગ બનનાર તેના નાનાના વાલીપણામાં હતી ત્યારે આરોપીએ ભોગ બનનારનું જાતિય સંભોગ કરવાના ઈરાદાથી તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ તેની સાથે એક થી વધુ વખત સંભોગ કરી ભોગ બનનાર ઉપર શારીરીક હુમલો કરી એટલે કે આરોપી સામે બળાત્કાર, જાતિય પ્રવેશ હુમલો તથા ગંભીર જાતિય હુમલાનો ગુનો પુરવાર થયેલાનું મળી આવે છે એટલે કે આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) મુજબના ગુનાઓ કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(એલ) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલું નથી. ફરિયાદ પક્ષના પુરાવાથી પુરવાર થયેલ હકીકતો જોતા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(એલ) મુજબનો ગુનો પણ પુરવાર થતો હોવાનું મળી આવે છે.

(૧૩.૩૪) ભોગ બનનારે તેણીની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપીએ તેણીની સાથે જબરજસ્થીથી શરીર સંબંધ બાંધેલો છે. મુદ્દા નં.૧ ની ચર્ચા કર્યા મુજબની વિગતે બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૦ વર્ષ ૧૧

માસની હોવાની હકીકત પુરવાર થયેલ છે. આમ, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની છે અને તે સંજોગોમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૧) તથા પોક્સો એક્ટની ૨૦૧૨ ની કલમ–૩ તથા ૫ ની જોગવાઈને વંચાણે લેવામાં આવે તો પણ આ મુજબનો ગુનો બનતો હોવાની હકીકત રજુ કરવામાં આવેલ પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થાય છે **જેથી મુદ્દા નં.૨, ૭ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૧૭) મુદ્દા નં.૩ ની ચર્ચાઃ–

(૧૭.૧) આરોપી સામે ધી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. વ્યથાની વ્યાખ્યા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૪ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**Bharatiya Nyaya Sanhita, Section-114. Hurt :-**

Whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause hurt.

(૧૭.૨) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારની જુબાની લેવામાં આવેલી છે તેમાં તેણીએ જણાવેલ છે કે, "ત્યારપછી મને મારા માસાએ મને પકડીને ઘસડીને મારી માસી જે ખેતરમા સંતાઈ ગયેલ હતા તે ખેતરમાં લઈ ગયેલ અને ત્યાથી મને મોટર સાયકલ ઉપર બેસાડી જંગલ બાજુ લઈ ગયેલા. ત્યા મને ગાલ ઉપર ઝાપટો મારેલી અને મારા કપડા કાઢી નાંખેલા..."

આ હકીકતને બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસમાં પડકારવામાં આવેલી નથી.

(૧૭.૩) ભોગ બનનારની શારીરીક તપાસ કરનાર ડૉ. હિતેષભાઈ મોતીભાઈ ભરવાડનાએ તેઓની આંક–૫૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે "તેણીના નીચેના હોઠ પર સોજો આવેલ હતો. તેણીના ગુપ્તાંગોની તપાસ કરતા બાહ્ય ગુપ્તાંગો ઉપર ઈજાના નિશાન જોવા મળેલ હતા. તેણીના ગુપ્તાંગના બહારના ભાગે કપાયેલ જેવી (ટીયર) ઈજા હતી.

તેણીના ગુપ્તાંગના અંદરના ભાગે(સર્વીકસ) કપાયેલ જેવી (ટીયર) ઈજા હતી."

આમ, ભોગ બનનારના નીચેના હોઠ ઉપર સોજો આવેલો હતો. આ ઈજા તાજી હતી. મેડીકલ ઓફિસરશ્રીની આ જુબાનીથી ભોગ બનનારની જુબાનીને સ્પષ્ટપણે સમર્થન મળે છે. ભોગ બનનારે આરોપીને એકાએક ઉશ્કેરણી કરેલી હોય તેવું ફરિયાદ પક્ષના કેસ ઉપરથી મળી આવતું નથી જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૨(૧) મુજબના કોઈ તત્વો જણાતા નથી. આમ, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨) મુજબનો ગુનો પુરવાર થતો હોય **મુદ્દા નં.૩ જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૧૮) મુદ્દા નં.૪ ની ચર્ચાઃ–

(૧૮.૧) આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૩) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. ગુનાહીત ધમકીની વ્યાખ્યા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૧) માં આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

> **Bharatiya Nyaya Sanhita, Section-351(1). Criminal intimidation :-**
>
> (1) Whoever threatens another by any means, with any injury to his person, reputation or property, or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to dom as the means of avoiding the execution of such threatm commits criminal intimidation.

આ જોગવાઈ જોવામાં આવે તો ગુનાહીત ધમકી ગંભીર પ્રકારની હોવી જોઈએ. ફરિયાદી કે કોઈ સાહેદ કોઈ કાર્ય કરવાનું હોય તે ના કરેલું હોવું જોઈએ અથવો તો કોઈ કાર્ય ના કરવાનું હોય તે કરેલું હોવું જોઈએ. આ મુજબનો પુરાવો ફરિયાદ પક્ષના પુરાવામાંથી મળી આવવો જરુરી છે.

(૧૮.૨) ફરિયાદ પક્ષના સાહેદ નં.૧ ફરિયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે "ત્યારબાદ આરોપીએ મને ગળે થી પકડેલો અને ચપ્પુ કાઢી મને બતાવેલુ. જેથી હુ મારા ઘરેથી નાસી ગયેલો. ત્યારબાદ ભોગબનનાર આરોપીના હાથમાં આવી ગયેલ જેને લઇને ઝાલોદ જતો રહેલો."

ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ ભોગ બનનારની માસીએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે "બનાવના દિવસે રાતના નવ વાગ્યાના સુમારે હું, મારા પિતા તથા મારી ભોગ બનનાર ભાણેજ ઘરમાં વાતો કરતા હતા તે વખતે આરોપી રાજેશે અમારા મકાનના દરવાજાને લાત મારેલ અને જાડી–જાડી કહીને બુમો પાડેલી જેથી મારા પિતાએ કોણ છે તેમ કહેતા જેથી કહેલ કે હું ડામોર છું. તે વખતે આરોપી ગાળો બોલતો હતો અને બધાને મારી નાંખીશ તેમ કહેતો હતો. ત્યારબાદ મે ઘરનો દરવાજો ખોલેલો. તે વખતે આરોપીએ મારા પપ્પાનુ ગળુ પકડી તેને બાજુના રુમમાં લઇ ગયેલ અને તેના હાથમાં ચપ્પુ હતુ. તે વખતે મને મારશે તેવી બીક લાગતા હું દોડીને ઘરની બહાર નીકળી બાજુના મકાઇવાળા ખેતરમા જતી રહેલી અને સંતાઇ ગયેલી."

બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ આ સાહેદની ઉલટતપાસ દરમ્યાન સરતપાસની આ હકીકતને પડકારેલી નથી.

(૧૮.૩) ફરિયાદી તથા આ સાહેદની જુબાની જોવામાં આવે તો બનાવના દિવસે રાત્રીના નવ વાગ્યે આરોપી ફરિયાદીના ઘરે આવેલો. તેના હાથમાં ચપ્પુ હતું. ફરિયાદીને ધમકી આપવાના કારણે ફરિયાદી ત્યાંથી નાસી ગયેલ તેમજ સાહેદ નં.૪ પણ આરોપીની બીકથી મકાઈવાળા ખેતરમાં જઈ સંતાઈ ગયેલી. આમ, આ બન્ને સાહેદો આરોપી મારી નાંખશે તેવા ભયથી સ્થળ ઉપરથી ચાલી ગયેલાનું મળી આવે છે. ત્યારબાદ આરોપી ભોગ બનનારને લઈ ગયેલ છે અને તેની સાથે મુદ્દા નં.૨ તથા ૬ માં જણાવ્યા મુજબનો ગુનો કરેલાનું પુરવાર થયેલ છે તે સંજોગોમાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૩) મુજબનો ગુનો સ્પષ્ટપણે પુરવાર થતો હોય **મુદ્દા નં.૪ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૧૯) મુદ્દા નં.૫ ની ચર્ચાઃ–

(૧૯.૧) આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જેની જોગવાઈ જોવામાં આવે તો નીચે મુજબ છે.

> **Bharatiya Nyaya Sanhita, Section-352. Intentional insult with intent to provoke breach of peace:** Whoever intentionally insults in any manner, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

આમ, આરોપીએ ફરિયાદી કે સાહેદનું એવું અપમાન કરેલું હોવું જોઈએ કે જેના કારણે ફરિયાદી તથા આરોપી ઉશ્કારેલા હોય અને સુલેહ ભંગ થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ.

ફરિયાદીએ તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપીએ મને ગળેથી પકડેલો અને મને ચપ્પુ કાઢીને બતાવેલું જેથી હું મારા ઘરેથી નાસી ગયેલો.

તેમજ ભોગ બનનારે તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ મારા માસા રાજાભાઈએ મારા નાનાને ચપ્પુ બતાવેલું અને ગળેથી પકડેલા અને પછી છોડી દીધેલા.

જ્યારે ભોગ બનનારની માસીએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ તે વખતે આરોપી ગાળો બોલતો હતો અને બધાને મારી નાંખશે તેમ કહેતો હતો. આમ, સાહેદ નં.૪ ની જુબાનીમાં આરોપી ગાળો બોલતો હતો તેવી હકીકત મળી આવે છે જ્યારે અન્ય સાહેદો આ હકીકતને સમર્થન કરતા નથી. તેટલું જ માત્ર નહી ગાળો બોલવા માત્રથી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨ મુજબનો ગુનો બનતો હોવાનું કહી શકાય નહી. આરોપીએ ફરિયાદી તથા સાહેદોનું ઈરાદાપૂર્વક અપમાન કરેલું હોવું જોઈએ જેના કારણે ફરિયાદી અથવા સાહેદ ઉશ્કેરાયેલા હોવા જોઈએ અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલું હોવું જોઈએ.

ફરિયાદ પક્ષના પુરાવામાંથી આવી કોઈ હકીકત મળી આવતી નથી. જેથી આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨ મુજબના ગુના માટે કસૂરવાર ઠરાવી શકાય તેમ ના હોય **મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

## (૨૦) મુદ્દા નં.૬ ની ચર્ચાઃ–

આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૩૮(એ) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. જે સબંધે ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે "ત્યારબાદ મારા માસા મને મોટર સાયકલ ઉપર બેસાડી તેમના ઘરે ઝાલોદ તાલુકાના ગામમા લઇ ગયેલ. ત્યાં જઈને મારા કપડા બદલાવેલા. ત્યારબાદ સવારના સમયે મને ઇકકો ગાડીમાં બેસાડી દીધેલ જેમા બેસીને હું ગુમણી ગામે મારા નાનાના ઘરે આવેલી"

આમ, બનાવ બાદ આરોપીએ ભોગ બનનારના બનાવ સમયે પહેરેલા કપડા બદલી તેની પાસે રાખી લીધેલાનું મળી આવે છે.

ફરિયાદ પક્ષના સાહેદ નં.૩ રાહુલભાઈ ભલાભાઈ પટેલ કે જેઓ શોધના પંચનામાના પંચ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ પોલીસ, પંચો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં આરોપીએ તેના ઘરવખરીનો સામાન હતો ત્યાં ગોદડા મુકવાનુ ડામચીયુ બનાવેલુ હતુ ત્યાંથી એક પીળા કલરનો શર્ટ તથા એક જીન્સનુ પેન્ટ શોધી આપેલ. તેમજ મકાનની અંદરના રુમમા નાંખેલ કપડા જોતા એક નેવી બ્લ્યુ કલરની લેગીંસ, બ્લ્યુ–ગ્રે તથા કાળા કલરની અંડરવેચર તથા સફેદ કલરનો ચડ્ડો શોધી આપેલા.

આમ, બનાવ બાદ આરોપીએ બનાવ સમયે તેઓ તથા ભોગ બનનારે પહેરેલા કપડા તેના ઘરમાંથી સંતાડી દીધેલ હોવાનું અને ત.ક.અમલદારે પંચોની હાજરીમાં કબજે કરેલ હોવાનું મળી આવેલ છે. આ કપડા પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. વડોદરા મુકામે મોકલવામાં આવેલા છે જેના ઉપર ભોગ બનનારના "એ" જુથના માનવરુધિરની હાજરી મળી

આવેલી છે. આમ, કપડા કે જે ગુનામાં અગત્યનો પુરાવો હતો તેને આરોપીએ સંતાડી પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરેલ હોવાનું પુરવાર થતું હોય **મુદ્દા નં.૬ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૨૧) મુદ્દા નં.૮ ની ચર્ચાઃ–

(૨૧.૫) આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિગતોએ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૩૫૧(૩), ૨૩૮(ક), ૧૧૫(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના કાયદાની કલમ ૪, ૬ મુજબના ગુનાઓ શંકારહીત પુરવાર થતા હોય તે ગુનાઓ સબબ આરોપીને કસૂરવાર ઠરાવી **મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં ઠરાવી** આરોપીને સજા બાબતે સાંભળવા કામ મુલત્વી રાખવામાં આવ્યું.

હુકમ આજ તા.૮[મી] માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૮/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ & સ્પે.(પોક્સો)જજ,દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

## (૨૨) સજા બાબતે સાંભળ્યા.

(૨૨.૧) સજા બાબતે આરોપી તથા બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

આરોપીના વિ.વકીલશ્રી વી.બી.લબાનાનાએ ભારપૂર્વક જણાવેલ છે કે આરોપી યુવાન વયના છે. કુટુંબની જવાબદારી છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે તેના ભવિષ્યનો વિચાર કરી ઓછામાં ઓછી સજા તથા ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે.

(૨૨.૨) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે આરોપીએ ૧૦ વર્ષ ૧૧ માસની સગીર વયની બાળકીનું અપહરણ કરી ક્રૂરતાપૂર્વક દુષ્કર્મનો ગુનો કરેલ છે. તે જોતા સમાજમાં દાખલો બેસે તેવી ફાંસીની સજા કરવા વિનંતી કરેલ છે.

(૨૨.૩) આ કામના આરોપી સામે ખુબ જ ગંભીર પ્રકારનો ગુનો પુરવાર થયેલો છે. બનાવ સમયે ભોગ બનનાર ખુબ જ નાની વયના છે. આરોપી તે ભોગ બનનારના માસા છે. આરોપીએ ભોગ બનનારની સાથે કરેલ જાતિય ગુનાઓના કારણે ભોગ બનનારના ગુપ્તાંગો ઉપર ગ્રેડ–૪ ની એટલે કે ખુબ જ ગંભીર પ્રકારની ઈજા થયેલી છે. આમ, આરોપીએ કરેલ ગુનો અમાનવીય અને ક્રૂરતાપૂર્વકનો હોવાનું મળી આવે છે. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે **2025(0) AIJEL-SC 75124 (Reji kumar Alias Reji Versus State of Kerala)** ના ચુકાદાના પેરા-૧૫ થી ૧૭ માં નીચે મુજબનું અવલોકન કરેલું છે,

> **15.** The Courts below, upon consideration of a sum total of circumstances, found the instant case to be fitting into the rarest of rare doctrine as discussed in **Bachan Singh v. State of Punjab, (1980) 2 SCC 684.** The question before us now is whether such determination was correct and/or justied. In order to examine the same, we must look into the aggravating and mitigating circumstances of the present case. Prior to doing so, we may elude the findings made in the Probation Officers report, mitigating investigators report and the report of psychological assessment submitted to this Court in compliance of the principles laid down in **Manoj v. State of Madhya Pradesh, (2023) 2 SCC 353**. The following factors can be cumulatively noticed from the above reports:
>
> (a) Unblemished conduct in prison - the jail authorities appeared to have trust in him and he has repeatedly been given positions which require discipline, responsibility and reliability;
>
> (b) Severe mental distress - He has exhibited certain behaviours that are means of coping with overwhelming distress originating in the past from issues, such as neglect parental mental illness and substance dependence, unstable home environment, physical and sexual abuse, all of these factors have been amplied by the uncertainty of being on death row;
>
> (c) Renewed sense of purpose - He has used the money earned to donate to different causes, such as towards the bail amount of co-prisoners, totaling Rs.83,000/-. He is also stated to have hopes to

spend time in social service in the future. His issues with anger seem to have abated.

(d) No criminal antecedents prior to the said acts and no violent acts perpetrated in jail.

**16.** The aggravating circumstances have already been discussed in the preceding paragraphs, but are once again pointed out here:
(a) Brutality of the crime;
(b)Pre-determined intention to kill all family members;
(c) No remorse even after having killed one person since there was adequate time between the killings of Lissy, which is presumed to be on 8th July 2008 when she disappeared, and of two of the children few days later and the two other children almost ten days thereafter;
(d) Sexual assault on his own daughter;
(e) Multiple persons killed.

**17.** Keeping in view the discussion made in **Ramesh A. Naika v. Registrar General, High Court of Karnataka Etc., 2025 SCC OnLine SC 575** and considering the facts that the convict-appellant had no prior antecedents; good conduct for the past 16-17 years of incarceration; diculties in mental health and consistent efforts at being a model prisoner, we nd that the imposition of death penalty would be unjustied. He is, therefore, removed from death row. However, considering the severity of the crime, the number of persons killed, that out of ve four were his own children, we are of the view that he does not deserve to be set free and direct that he shall spend the remainder of his days in jail, till his last breath, hoping to do acts of penance to atone for the crimes he has committed and particularly for the fact that he extinguished four bright flames.

(૧૭.૩) ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેવામાં આવે તો આરોપીને ફાંસીની સજા ખાસ અને અપવાદરુપ સંજોગોમાં જ કરવી જોઈએ જેથી આરોપીને ફાંસીની સજા ના કરતા આજીવન કેદની સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ બર આવશે તેવું આ અદાલત માને છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – આખરી હુકમ –

(૧) આ કામના આરોપી રાજાભાઈ ઉર્ફે રાજેશ મિનેશભાઈ ડામોર, રહે.જેતપુર, ખેડા ફળીયું, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે

તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૨ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી રાજાભાઈ ઉર્ફે રાજેશ મિનેશભાઈ ડામોર, રહે.જેતપુર, ખેડા ફળીયું, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૮(૨) અન્વયે લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૩૫૨૫૧૧૮૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૨૩૮(ક) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના કાયદાની કલમ-૪, ૬ મુજબના ગુના સબબ દોષિત ઠરાવવામાં આવે છે અને નીચે મુજબની સજા ફરમાવવામાં આવે છે.

(૨/૧) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨) મુજબના ગુના માટે ૭ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૫૦૦૦/-(અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨/૨) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૭ મુજબના ગુના માટે ૧૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૫૦૦૦/-(અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડ ન ભરે તો વધુ ૨ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨/૩) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૫(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના કાયદાની કલમ-૪, ૬ મુજબના ગુના પુરવાર થયેલા છે જેની સાપેક્ષમાં જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના અધિનિયમની કલમ-૪૨ વંચાણે લેતા બન્ને ગુના પુરવાર

થયા હોય તેવા સંજોગોમાં જે સજા વધુ હોય તે સજા કરવાને પાત્ર છે. જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના અધિનિયમની કલમ–૬ માં વધુ સજાનું પ્રાવધાન કરવામાં આવેલ છે જેથી આરોપીને જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના અધિનિયમની કલમ–૬ ના ગુના માટે આજીવન કેદ એટલે કે તેને બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધીની(છેલ્લા શ્વાસ સુધીની) સખત કેદની સજા તથા રુ.૨૫,૦૦૦/– નો દંડ અને દંડ ના ભરે તો વધુ ૨ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષાના કાયદાની કલમ–૪ મુજબના ગુના માટે કોઈ અલગથી સજા કરવામાં આવતી નથી.

(૨/૪) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૩) મુજબના ગુના માટે ૭ વર્ષની સખત કેદની સજા તથા રુ.૫૦૦૦/–(અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨/૫) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૩૮(ક) મુજબના ગુના માટે ૭ વર્ષની સખત કેદની સજા તથા રુ.૫૦૦૦/–(અંકે રુપીયા પાંચ હજાર પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨/૬) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨) મુજબના ગુના માટે ૧ વર્ષની સખત કેદની સજા તથા રુ.૧૦૦૦/–(અંકે રુપીયા એક હજાર પુરા)નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૨ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૭ અન્વયે ઉપરોક્ત કાયદા હેઠળ કરેલ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૮ અન્વયે આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા તેમને મજરે(સેટ–ઓફ) આપવી.

(૫) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્ધામાલ સ્પેલન્ડર મોટસાયકલ નં.જી.જે.૨૦.બી.સી.૮૦૯૨ તથા મોબાઈલો નંગ–૨ જો તેના માલીકોને વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં આવેલા હોય તો તેવી કસ્ટડી અપીલ પીરીયડ બાદ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો મોટરસાયકલ તથા મોબાઈલ નંગ–૨ પરત સોંપવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યાબાદ તેની ખરાઈ કરી તેના માલીકને પરત સોંપવા ઘટતું કરવું જ્યારે બાકીનો કબજે કરવામાં આવેલ મુદ્ધામાલ બીનકિંમતી મુદ્ધામાલ હોય અપીલ સમય વિત્યાબાદ નિયમોઅનુસાર કાર્યવાહી કરી નાશ કરવો.

(૬) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ અન્વયે આ ચુકાદાની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

(૭) આ કામના આરોપીએ ભરેલ દંડની રકમ ભોગ બનનારને વળતર પેટે ચુકવી આપવી.

(૮) બનાવ સમયે ભોગ બનનાર ૧૦ વર્ષ ૧૧ માસની છે. આમ, તેણી ખુબ જ નાની વયની છે. બનાવના કારણે ભોગ બનનારને જે રીતે માનસીક યાતનાઓ ભોગવવી પડેલી છે તે નાણાંથી ભરપાઈ થઈ શકે તેમ નથી. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમની કલમ–૩૩(૮) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો–૨૦૨૦ ના નિયમ–૯(૨) ની

જોગવાઈ મુજબ ભોગ બનનારને વળતરનો હુકમ કરી શકાય છે. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો–૨૦૨૦ ના નિયમ–૯(૩) માં જણાવ્યા મુજબના પરીબળો વળતરની રકમ નક્કી કરવા માટે લક્ષમાં લેવાના રહે છે. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના નોટીફિકેશન નં.GG/47/2019/SB.2/COM/ 132018/663, Dt.26/04/2019 માં ભોગ બનનારને જુદી–જુદી વળતરની રકમ આપવા સંબંધે સ્કીમ જાહેર કરવામાં આવેલી છે જે મુજબ બળાત્કારના કેસમાં ભોગ બનનારને વધુમાં વધુ રુપીયા સાત લાખની રકમ આપવાનું ઠરાવેલ છે. તેમજ કલમ–૯(૫) ની જોગવાઈ જોવામાં આવે તો ભોગ બનનાર સગીર વયની હોય તો ૫૦% વધુ વળતર અપાવી શકાય છે. પ્રસ્તુત કેસમાં ભોગ બનનારની ઉંમર, કેસના સંજોગો વિગેરે લક્ષમાં લેતા ભોગ બનનારને માનસીક યાતના તથા પુનઃરોથ્થાન માટે રુ.૧૦,૫૦,૦૦૦/– (અંકે રુપીયા દસ લાખ પચાસ હજાર પુરા) વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને ભોગ બનનારને વચગાળાના વળતર પેટે કોઈ રકમ આપવામાં આવેલ હોય તો તે બાદ કરી વળતરની રકમ આપવી.

(૯) આ હુકમની એક નકલ સેક્રેટરીશ્રી, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદને આગળની કાર્યવાહી માટે મોકલી આપવી. જેઓએ હુકમમાં જણાવ્યા મુજબની રકમ વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમમાં જણાવેલ પ્રક્રિયા મુજબ ભોગ બનનારને વળતર પેટે ચુકવી આપવી.

(૧૦) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૬ અન્વયે આ ચુકાદાની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, દાહોદને જાણ માટે મોકલી આપવી.

(૧૧) નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તા.૦૨/૦૯/૨૦૦૫ અન્વયે સંબંધીત પોલીસ સ્ટેશનના પી.આઈ.ને તથા સંબંધીત જેલ ઓથોરીટીને આ

કામના તહોમતનામાની તથા આખરી હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૧૨) ઉપરોક્ત હુકમ મુજબ આરોપીનું કન્વીકશન ફોર્મ તથા સજા ચીઠ્ઠી ભરીને સંબંધીત જેલરશ્રીને સજાના અમલ માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૩) નામદાર ગુજરાત વડી અદાલતના સરક્યુલર નં.એ.૧૨૫૫/૨૦૨૬, તા.૨૯/૦૪/૨૦૨૬ અન્વયે આ ચુકાદાની જાણ ભોગ બનનારના નાના(ફરિયાદી)ને તેમના મોબાઈલ નંબર અથવા તેમના સરનામે કરવી તેમજ આ ચુકાદાની એક નકલ ભોગ બનનારને વિનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

(૧૪) ભોગ બનનારની ઓળખ છતી થતી હોય એવા દસ્તાવેજોને રજીસ્ટ્રારશ્રીએ સીલબંધ કવરમાં મુકી રેકર્ડ સાથે રાખવા તથા તેના સ્થાને સુધારેલી નકલ મુકવી.

હુકમ આજ તા.૮[મી] માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૮/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ & સ્પે.(પોક્સો)જજ,દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

આર.બી.સોલંકી